સુવિચાર
''ઊંચે ઉડનારે એ વાત યાદ રાખવી જોઈએ કે, આકાશમાં ક્યાંય બેસવાની જગા નથી હોતી.''
:: સૌજન્ય ::
નિલકંઠ જ્વેલર્સ
(લાઠીવાળા)
માણેકપરા, અમરેલી.
ફોન : ૦૨૭૯૨-૨૨૩૫૫૭

પાના ૦૮ : કિંમત રૂા. ૩.૦૦
તા. ૦૬/૦૫/૨૦૨૬, બુધવાર
ફોન : ૨૨૮૪૨૨
www.amreliexpress.com

સત્યમ શિવમ્ સુંદરમ્
AMRELI EXPRESS DAILY

R.N.I.NO.GUJGUJ/2001/11803
Postal Reg.No. AMR/217/2024-26
E-Mail : amreliexpress7@gmail.com

જિલ્લાનાં આમઆદમીનું અખબાર

# અમરેલી એક્સપ્રેસ

અમરેલી, લાઠી, લીલીયા, દામનગર, બાબરા, સાવરકુંડલા, ધારી, ચલાલા, બગસરા, ખાંભા, રાજુલા, જાફરાબાદ, ઉના, કુંકાવાવ, વડિયા, વીજપડી પંથકમાં બહોળો ફેલાવો ધરાવે છે.

ફરસાણ • ખમણ • મીઠાઈ
શિવ ફરસાણ
(ધારીવાળા)
નારણ આર્કેડ, ભીડભંજન મહાદેવના મંદિરની સામે, લીલીયા રોડ, અમરેલી.

તંત્રી,પ્રકાશક,માલિક : મનોજ એચ. રૂપારેલીયા, કાર્યાલય : જીલ્લા મધ્યસ્થ બેન્ક પાછળ, અમરેલી : મુદ્રણ સ્થાન : આજકાલ પ્રિ.પ્રેસ રજપુતપરા, શેલ પેટ્રોલ પંપ પાછળ રાજકોટ ખાતેથી છપાવી અમરેલી એક્સપ્રેસ કાર્યાલયથી પ્રસિધ્ધ કર્યું. : વિક્રમ સંવત ૨૦૮૨ વૈશાખ વદ-૪ વર્ષ : ૧૭ અંક : ૧૨૧

## કાળઝાળ ગરમીનાં માહોલમાં વાતાવરણ અચાનક પલટાયુ

# ધારી અને ખાંભા પંથકમાં ગાજવીજ સાથે કમોસમી વરસાદ

ઉકળાટભર્યા વાતાવરણ વચ્ચે ઠંડક પ્રસરતાં સૌ કોઈમાં રાહત

ગીરકાંઠામાં કમોસમી વરસાદ પડતાં જિલ્લાનાં મોટાભાગનાં વિસ્તારમાં તાપમાનનો પારો નીચે આવ્યો

જો કે જગતાત ગણાતા ખેડૂતોમાં કમોસમી વરસાદથી ચિંતા પ્રસરી

ખડાધાર, નાનુડી, પીપળવા, ચતુરી સહિતનાં ગ્રામ્ય વિસ્તારોમાં પણ વરસાદ પડયો





અમરેલી, તા. ૫

અમરેલી જિલ્લામાં આજે અચાનકજ વાતાવરણ પલટાયુંહતુંઅને આકાશમાં વાદળછાયુ વાતાવરણ થઈ જતાં અમરેલી જિલ્લાનાં ગીરકાંઠાનાં વિસ્તારોમાં આગાહી મુજબ કમોસમી વરસાદ વરસ્યો છે. ધારી અને ખાંભાના ગીર પંથકમાં ગાજવીજ સાથે વરસાદ પડતાં વાતાવરણમાં અચાનક ફેરફાર જોવા મળ્યો છે અને કેરીનાં પાકમાં નુકસાનની ચિંતા વધી છે.

ગીરકાંઠાના ધારી તથા ખાંભા પંથકમાં કેટલાંક દિવસથી કરવામાં આવેલી આગાહી મુજબ કમોમસી વરસાદ પડયો છે. જેમાં ધારી શહેરમાં ગાજવીજ સાથે વરસાદ શરૂ થતાં ઉકળાટભર્યા વાતાવરણમાંથી લોકોને રાહત મળી હતી.

જયારે ધારી ગીરના અમુક ગામોમાં હળવા હળવા વરસાદી છાંટા પડયા હતા જેના કારણે ગરમીમાં થોડો ઘટાડો નોંધાયો હતો. બીજી તરફ ખાંભા ગીર પંથકમાં પણ ગાજવીજ સાથે કમોસમી વરસાદ વરસ્યો હતો. જેમાં ગીરનાં ગામડાઓમાં પવન અને વીજળીનાં કડાકા સાથે કમોસમી વરસાદે ધમાકેદાર હાજરી નોંધાવી હતી.

ખાંભા ગીરનાં ખડાધાર, નાનુડી, પીપળવા અને ચતુરી ગામોમાં વરસાદ નોંધાયો હતો. ભર ઉનાળામાં અચાનક વરસેલા આ વરસાદને કારણે ખેડૂતોમાં પાકને નુકસાન પહોંચવાની ભીતિ ઉભી થઈ છે.

ધારીગીરઅનેખાંભાગીરના વિસ્તારોમાં એક સાથે વરસાદ પડતા સમગ્ર વિસ્તારમાં ચકચાર મચી ગઈ હતી. સ્થાનિક લોકો માટે આ કમોસમી વરસાદથી ગરમીમાં રાહત આપનારી છે. જયારે સાથે ચિંતા પણ લઈને વરસાદ આવ્યો છે.

# આજે ધોરણ-૧૦ની બોર્ડની પરીક્ષાનું પરિણામ જાહેર

**વિદ્યાર્થીઓ પોતાનો બેઠક ક્રમાંક WhatsApp નંબર ૬૩૫૭૩૦૦૯૭૧ પર મોકલીને પણ પોતાનું પરિણામ તરત જ મેળવી શકશે**

ગાંધીનગર, તા. ૫

ગુજરાત શિક્ષણ બોર્ડ (GSEB)ની ધોરણ-૧૦ માટે વર્ષ ૨૦૨૬ની પરીક્ષા ૨૬ ફેબ્રુઆરીથી ૧૬ માર્ચ દરમિયાન યોજાઈ હતી. જેમાં રાજ્યના ૧૫ લાખથી વધુ વિદ્યાર્થીઓએ પરીક્ષા આપી હતી. આમ ધોરણ-૧૦ (SSC)નું પરિણામ આવતીકાલે એટલે કે ૬ મેના રોજ GSEB બોર્ડની સત્તાવાર વેબસાઈટ પર જાહેર કરવામાં આવશે. ગુજરાત માધ્યમિક અને ઉચ્ચતર માધ્યમિક શિક્ષણ બોર્ડ(GSEB)ની ધોરણ-૧૦ અને સંસ્કૃત પ્રથમાની પરીક્ષા આપનારા લાખો વિદ્યાર્થીઓ માટે મહત્ત્વના સમાચાર સામે આવ્યા છે. બધુવારે (૬ મે) સવારે ૮ વાગ્યે ધોરણ ૧૦ની બોર્ડની પરીક્ષાનું પરિણામ જાહેર થશે.વિદ્યાર્થીઓ અને વાલીઓ બોર્ડની સત્તાવાર વેબસાઈટ gseb.org પર જઈને વિદ્યાર્થીનો બેઠક ક્રમાંક નંબર દાખલ કરીને પરિણામ જોઈ શકાશે. વિદ્યાર્થીઓ પોતાનો બેઠક ક્રમાંક WhatsApp નંબર ૬૩૫૭૩ ૦૦૯૭૧ પર મોકલીને પણ પોતાનું પરિણામ તરત જ મેળવી શકશે. બોર્ડની અખબારી યાદી મુજબ, ગુણપત્રક અને પ્રમાણપત્ર શાળાઓમાં મોકલવા અંગેની સૂચનાઓ હવે પછી આપવામાં આવશે. જો કોઈ વિદ્યાર્થીને પરિણામ બાદ ગુણચકાસણી કરાવવી હોય તો તેના માટે ઓનલાઈન અરજી કરવાની રહેશે. આ ઉપરાંત, નામ સુધારા કે પૂરક પરીક્ષા ૨૦૨૬ માટેના ફોર્મ ભરવા અંગેની વિગતો પણ ટૂંક સમયમાં બોર્ડની વેબસાઈટ પર મૂકવામાં આવશે.

જોઇએ છે
પેટ્રોલ પંપ માટે ડિઝલ, પેટ્રોલ ભરી શકે તેવા ઉત્સાહી લેડીઝ / જેન્ટસ ની જરૂર છે
આર.ડી. પેટ્રોલ પંપ
એસ.ટી. બસ સ્ટેન્ડ પાસે, અમરેલી.
મો. ૯૭૨૬૧ ૨૭૭૭૭

Sheetal ICE CREAM
WE ARE HIRING
JOIN INDIA'S MOST TRUSTED FMCG BRAND
• Sales Co - Ordinator - 4
• Reporting Manager - 1
• Sales & Marketing Officer - 3
• Senior Account - 1
• Liaisoning Officer - 1
• Data Entry Operator - 2
• Cashier - 2
• Trainer - 1
Location :
Amreli, Gujarat.
hrscpl1987@gmail.com
+91 95109 59957
APPLY NOW

## ગૃહકંકાસનાં ઉશ્કેરાટમાં પરિવાર વેરવિખેર થઈ ગયો

# બગસરામાં રસોઈ બાબતે માથાકૂટ થતાં પતિએ પત્નીની નિર્મમ હત્યા કરી નાખી

## સ્થાનિક પોલીસે આરોપી પતિને સ્થળ પરથી ઝડપી લીધો



તસ્વીર : સમીર વિરાણી–બગસરા

બગસરા, તા. ૫

બગસરામાં માર્કેટીંગ યાર્ડ પાછળ રહેતા દંપતિને રસોઈ બનાવવા બાબતે માથાકૂટ થતા પતિએ આવેશમાં આવી પત્નીની નિર્મમ હત્યા કરી નાખતા ચકચાર મચી જવા પામી છે.

જાણવા મળતી માહિતી મુજબ બગસરાના માર્કેટીંગ યાર્ડ પાછળ રહેતા વિજય અમરસિંહ પરમારને પોતાની પત્ની વિલાસ સાથે રસોઈ બનાવવા બાબતે ઝઘડો થયો હતો. આરોપી પતિ વિજયને પીવાની ટેવ હોય ત્યારે છાશવારે ઝઘડો કરતો હતો. આ ઝઘડાએ વરવુ સ્વરૂપ ધારણ કરતા રસોઈની માથાકૂટમાં આરોપી પતિ વિજયે ઘરમાં પડેલ ત્રિકમના ચારથી પાંચ ઘા પત્ની વિલાસને મારી દીધા હતા જેથી પત્ની ત્યાં જ તરફડીને મૃત્યુ પામી હતી. આ ઘટના બાદ આસપાસના લોકોએ તાત્કાલિક ૧૦૮ને જાણ કરી હતી. જોકે ફરજ પરના ડોકટરોએ વિલાસને મૃત જાહેર કરી હતી. આ ઘટનાની જાણ પોલીસને કરવામાં આવતા પોલીસ પણ સ્થળ પર આવી પહોંચી હતી. જોકે આરોપી પતિ ચિક્કાર દારૂના નશામાં હોય તેની સ્થળ પર જ અટકાયત કરી લેવામાં આવી છે. આમ, રસોઈ બનાવવા જેવી સામાન્ય બાબતે પતિએ પત્નીની હત્યા કરી નાખતા સમગ્ર શહેરમાં ખળભળાટ મચી જવા પામ્યો છે. સમગ્ર કેસની તપાસ બગસરા પોલીસ ચલાવી રહી છે.

બગસરા માર્કેટીંગ યાર્ડની પાછળ રહેતા વિજય અમરસી પરમારને છેલ્લાં ઘણા વર્ષોથી પીવાની ટેવ છે. ભુતકાળમાં પણ આરોપી અનેક લોકો સાથે મારામારી કરી હોવાના બનાવ ચોપડે નોંધાયા છે. થોડા દિવસો પહેલા પણ આરોપી વિજય ચિક્કાર દારૂપી નગ્ન અવસ્થામાં રસ્તા પર સુતો હોવાનુ લોકોમાં ચર્ચાઈ રહ્યું છે.

SBI
RSETI
Rural Self Employment Training Institutes
શું આપ બેરોજગાર છો ?/આપને પોતાનો બિઝનેશ શરૂ કરવો છે ?
તો રાહ જોવાની જરૂર નથી ફ્રી...ફ્રી...ફ્રી... મા..
મફત નિઃશુલ્ક તાલીમ
મફત નિઃશુલ્ક રહેવા તથા જમવાની સુવિધા
મફત નિઃશુલ્ક તાલીમનું ઉચ્ચ જ્ઞાન
આપની માટે એસ.બી.આઇ. આરસેટી (ગ્રામ્ય સ્વરોજગાર તાલીમ સંસ્થા) અમરેલી દ્વારા ફક્ત ગ્રામ્ય વિસ્તારનાં બેરોજગાર બહેનો માટે નિઃશુલ્ક (મફત) તાલીમ કાયક્રમોનું આયોજન થવા જઇ રહ્યું છે.
(૧) વુમન ગારમેન્સ્ (ફક્ત બહેનો માટે) (સીલાઇ કામ) ૩૧ દિવસ, તા. ૦૬/૦૫/૨૦૨૬ થી શરૂ
(૨) આસિસ્ટન્ટ બુકકિપર (ફક્ત બહેનો માટે) (કોમ્પ્યુટરાઇઝ એકાઉન્ટીંગ) ૩૮ દિવસ, તા. ૨૦/૦૫/૨૦૨૬ થી શરૂ
(3) LMV Owner Driver (ફક્ત બહેનો માટે) (કોમર્શિયલ ડ્રાઈવિંગ) ૩૦ દિવસ, તા. ૧૮/૦૫/૨૦૨૬ થી શરૂ
ખાસ નોંધ : તાલીમ શરૂ થયાનાં દિવસ-૨ સુધી એડમીશન મેળવી શકાશે, તાલીમ લેવા માટે નીચે જણાવેલ કોઇપણ એક નંબર પર રજીસ્ટ્રેશન કરાવવું ફરજીયાત છે.
આ સિવાયનાં ૬૪ પ્રકારના ટુંકાગાળાના તાલીમ કાર્યક્રમોના આયોજન અવાર-નવાર થતા હોય છે.
વય મર્યાદા ૧૮ પુરા થી ૫૦ વર્ષ રજીસ્ટ્રેશન શરૂ
વધુ માહિતી માટે અમારો સંપર્ક કરી શકો છો મો. ૯૭૨૨૨ ૧૮૧૮૩ મો. ૮૫૧૧૯ ૮૦૬૦૦
એસ.બી.આઇ.આરસેટી, અમરેલી, ગોળીબારનો ટેકરો, ગાયત્રી મંદિર પાસે, ચિતલ રોડ, અમરેલી - ૩૬૫૬૦૧

શહેરમાં શ્રેષ્ઠ, સ્વાદમાં સર્વશ્રેષ્ઠ એકમાત્ર સ્થળ
The King of catcring service
શ્યામ કેટરર્સ
અરજણભાઈ પટેલ
મો. ૯૮૨૫૦ ૫૯૭૮૩
જયેન્દ્ર પટેલ
મો. ૯૯૮૭૦ ૪૭૨૯૫
SHYAM Caterers
સ્પે. ગુજરાતી થાળી
શુધ્ધ ઘી માં તરબોળ ડ્રાયફુટ સુરમાનાં લાડુ
શીંગતેલમાં રજવાડી ઉંધીયુ
અમારી સ્પે.બે પડવાળી રોટલી
શ્યામ ડાઈનીંગ હોલ એ.સી.હોલ
પાર્સલ સુવિધા ઉપલબ્ધ MO.80000 86331
સ્થળ : એસ.ટી. ડેપો સામે, પહેલા માળે, અમરેલી-૩૬૫૬૦૧ ફોન : (૦૨૭૯૨) ૨૩૩૪૫

### જમીન સ્તરે મજબૂત પકડ અને જનસંપર્કનો મળ્યો લાભ

# બાબરા પાલિકા વોર્ડ નં. ૫માં અનિભાઈ મકવાણાનો ફરી બીજીવાર લીડથી વિજય

## ઉપપ્રમુખ પદ માટે પણ નામ ચર્ચામાં આવી રહ્યું છે



બાબરા, તા. ૫

બાબરા નગરપાલિકાની વોર્ડ નંબર ૫ની ચૂંટણીમાં ભાજપ પક્ષના ઉમેદવાર અનિભાઈ મકવાણાએ ફરી એકવાર પોતાના પ્રભાવશાળી જનાધારનો પરિચય આપતા ભવ્ય લીડ સાથે વિજય પ્રાપ્ત કર્યો છે. સતત બીજીવાર જીત મેળવી તેમણે વોર્ડ વિસ્તારમાં પોતાનો દબદબો યથાવત રાખ્યો છે.

કોળી સમાજમાંથી આવતા અનિભાઈ મકવાણા જમીન સ્તરે લોકો સાથે સક્રિય જોડાણ અને સતત સંપર્ક જાળવી રાખતા નેતા તરીકે ઓળખ ધરાવે છે. વોર્ડમાં વિકાસલક્ષી કામો અને લોકોના પ્રશ્નોના સમયસર ઉકેલને કારણે જ પક્ષે તેમની ઉપર વિશ્વાસ મૂકી ફરીથી ટિકિટ આપી હતી, જે વિશ્વાસને તેમણે શાનદાર જીતથી સાચો સાબિત કર્યો છે.

અગાઉ તેમની ધર્મપત્નીએ નગરપાલિકાની કારોબારી સમિતિના ચેરમેન તરીકે કાર્યકાળ દરમિયાન નોંધપાત્ર કામગીરી કરી હતી. આ વખતે પત્નીની જગ્યાએ પોતે મેદાનમાં ઉતરી દાવેદારી કરતા મતદારોનો સારો પ્રતિસાદ મળ્યો અને વિજય મેળવી શક્યા છે. શહેરમાં હાલ એવી ચર્ચાઓ પણ જોર પકડે છે કે પક્ષ દ્વારા અનિભાઈ મકવાણાને પાલિકાના ઉપપ્રમુખ પદ માટે પસંદગી કરવામાં આવે તો નવાઈ નહીં. તેમની લોકપ્રિયતા અને કાર્યશૈલીને ધ્યાનમાં લેતા આ સંભાવના વધુ મજબૂત માનવામાં આવી રહી છે.

આ જીતથી ભાજપ કાર્યકરોમાં આનંદની લાગણી ફેલાઈ છે અને વોર્ડમાં વિકાસના નવા અધ્યાયની અપેક્ષા વ્યક્ત કરવામાં આવી રહી છે.

### પરિવારનાં એક અતુટ અને પ્રેમાળ પાત્રને સમર્પિત

# બગસરામાં ''ભાભી'' પ્રેમની પરિભાષા કાર્યક્રમ યોજાયો : ભાભીનાં મહત્વ પર પ્રકાશ પાડયો

## વક્તાઓએ સંયુક્ત પરિવારનું મહત્વ સમજાવ્યું



તસ્વીર : સમીર વિરાણી–બગસરા

બગસરા, તા. ૫

તાજેતરમાં બગસરાનાં હોસ્પિટલ રોડ સ્થિત સતવારા સમાજની વાડી ખાતે પરિવારનાં એક અતૂટ અને પ્રેમાળ પાત્રને સમર્પિત પ્રેરણાદાયી કાર્યક્રમ 'ભાભીઃ પ્રેમની પરિભાષા' નું ભવ્ય આયોજન કરવામાં આવ્યું હતું. 'પિતા–પ્રેમનો પર્યાય' કાર્યક્રમની ભવ્ય સફળતા બાદ, પરિવાર પ્રેમી જનતા માટે આ અનોખા વિષય પર કાર્યક્રમ યોજાયો હતો. આ કાર્યક્રમમાં મુખ્ય વક્તા તરીકે ઉપસ્થિત ચંદ્રહાસભાઈ બસીયાએ આજનાં આધુનિક સમયમાં પરિવારની સંકલ્પનાં અને તેમાં ભાભીનાં સ્થાન વિશે વાત કરતા જણાવ્યું હતું કે, ભાભીએ ઘરની એવી કડી છે જે માતૃત્વનો સ્પર્શ અને દીકરી જેવો નિર્વ્યાજ સાથ આપીને આખા પરિવારને જોડી રાખે છે. સંયુક્ત પરિવારમાં ભાભીનો સ્નેહ અને સહનશીલતા ઘરને સાચા અર્થમાં 'ઘર' બનાવે છે.' કાર્યક્રમનાં આયોજક અને વક્તા સંજયભાઈ ખાંદલે પ્રાસંગિક પ્રવચન આપતા જણાવ્યું હતું કે, પરિવારનાં મૂલ્યોનું જતન કરવામાં ભાભીનો ફાળો અમૂલ્ય છે. વહુ તરીકે પ્રવેશ્યા બાદ જે રીતે તેઓ ઘરનાં દરેક સભ્યોમાં વિશ્વાસ અને લાગણીનું વાતાવરણ ઉભું કરે છે, તે ખરેખર વંદનીય છે. આજનાં સમયમાં જયારે કૌટુંબિક સંબંધો નબળા પડી રહ્યા છે, ત્યારે ભાભીનું પાત્ર પ્રેમની નવી પરિભાષા શીખવે છે. સમગ્ર કાર્યક્રમનું સફળ આયોજન સંજયભાઈ ખાંદલ, નિકુંજભાઈ જાદવ તથા હિરેનભાઈ ચૌહાણ દ્વારા કરવામાં આવ્યું હતું. બગસરા અને આસપાસનાં વિસ્તારમાંથી મોટી સંખ્યામાં ઉમટી પડેલા શ્રોતાઓએ આ કાર્યક્રમને શાંતિપૂર્વક નિહાળ્યો હતો અને વક્તાઓના વિચારોને વધાવ્યા હતા. કાર્યક્રમના અંતે આયોજકોએ પધારેલા તમામ મહેમાનો અને શ્રોતાઓનો આભાર વ્યક્ત કર્યો હતો.












### શ્રી પટેલ વિદ્યાર્થી આશ્રમ સંચાલિત

# અમરેલીમાં શ્રી એમ.વી. પટેલ કન્યા વિદ્યાલયનું ધો. ૧૨ નું ઝળહળતુ પરિણામ

## સંસ્થાનાં પ્રમુખ દિલીપ સંઘાણીએ શુભેચ્છા પાઠવી



અમરેલી, તા. ૫

શ્રી પટેલ વિદ્યાર્થી આશ્રમ સંચાલિત શ્રી એમ.વી. પટેલ કન્યા વિદ્યાલયનું ધો. ૧૨ નું ઝળહળતુ પરિણામ ૯૭.૨૨% આવેલ છે.

તેમાં A2-05, B2-10 તેમજ ૧૦ ટોપટેન વિદ્યાર્થીઓએ ૯૬.૧૧% પીઆર મેળવેલ છે.

શાળાનાં ઉત્કૃષ્ટ પરિણામ બદલ સંસ્થાનાં પ્રમુખ દિલીપભાઈ સંઘાણી તથા શાળાના આચાર્યા અરૂણાબેન એમ. માલાણીએ શાળાને અભિનંદન પાઠવેલ છે. તેમ અરૂણાબેન માલાણીની યાદીમાં જણાવેલ છે.

# ઉના એસ.ટી. બસ સ્ટેશનમાં પંખા બંધ, સૂચનો છતાં સમસ્યા યથાવત, મુસાફરો હેરાન



તસ્વીર : ધર્મેશ જેઠવા–ઉના

અમરેલી, તા. ૫

ઉના ખાતે આવેલા એસટી બસ સ્ટેશનમાં ભર ઉનાળાની ગરમી વચ્ચે પ્લેટ ફોર્મ નંબર ૭ થી ૧૧ના લગભગ ૫ જેટલા પંખા બંધ હાલતમાં હોવાના કારણે મુસાફરોને ભારે પરેશાની ભોગવવી પડી રહી છે. ગરમીમાં રાહ જોતા મુસાફરો માટે હવા ન મળતા અકળામણ વધી ગઈ છે.

આજે અધિકારીઓની મુલાકાતને પ્રયાનમાં રાખીને બસ સ્ટેશનમાં સફાઈ કામગીરી હાથ ધરવામાં આવી હતી, જેના કારણે બહારથી સ્ટેશન સ્વચ્છ દેખાતું હતું. છતાં પણ અંદરની પાયાની સુવિધાઓમાં ખામી યથાવત જોવા મળી રહી છે. ખાસ કરીને પંખા બંધ હોવાના કારણે વૃદ્ધો, મહિલાઓ અને બાળકોને વધુ મુશ્કેલી પડી રહી છે.

માહિતી મુજબ બે દિવસ પહેલા અમરેલી વિભાગના ડિવિઝન ઓફિસર બસ સ્ટેશનની મુલાકાતે આવ્યા હતા. તે સમયે પણ પંખા બંધ હાલતમાં જોવા મળ્યા હતા. આ બાબતે જાણ થતાં ડીસી દ્વારા ડેપો મેનેજરને તાત્કાલિક પંખા શરૂ કરવા અને જરૂરી સુધારા કરવા માટે સૂચનો આપવામાં આવ્યા હતા.

તેમ છતાં હાલ સુધી કોઈ સુધારો જોવા મળ્યો નથી, જેના કારણે મુસાફરોમાં નારાજગી ફેલાઈ છે. મુસાફરોનો આક્ષેપ છે કે તંત્ર માત્ર દેખાવ પૂરતું કામ કરે છે, જયારે મૂળ ભૂત સુવિધાઓ તરફ પૂરતું ધ્યાન આપતું નથી.

સ્થાનિક લોકો અને મુસાફરો દ્વારા તાત્કાલિક કાર્યવાહી કરી પંખા શરૂ કરવા અને બસ સ્ટેશનમાં જરૂરી સુવિધાઓ ઉપલબ્ધ કરાવવા માંગ ઉઠી છે.

### ધો. ૧૨ કોમર્સનું પરિણામ જાહેર થયુ

# અમરેલીમાં ગજેરા શૈક્ષણિક સ્કૂલની વિદ્યાર્થીની સમગ્ર બોર્ડમાં ૮માં સ્થાને

## દિયા સોજીત્રાએ મેળવ્યા ૯૯.૯૨ પી.આર.




અમરેલી, તા. ૫

અમરેલી ખાતેની શ્રી લેઉવા પટેલ ટ્રસ્ટ સંચાલિત સ્કુલની ધો. ૧૨ની વિદ્યાર્થીની દિયા સોજીત્રાએ તાજેતરમાં જાહેર થયેલ ધો. ૧૨ કોમર્સનાં પરિણામમાં ૯૯.૯૨ પી.આર. મેળવી સમગ્ર બોર્ડમાં ૮મું સ્થાન મેળવી સંસ્થા અને સમગ્ર જિલ્લાનું ગૌરવ વધારેલ છે.

# ચલાલા : ગાયત્રી સંસ્કાર ધામ ખાતે ભારત સ્કાઉટ એન્ડ ગાઈડ દ્વારા બેઝિક કોર્સની તાલીમનું આયોજન





પ.પૂ. સંત ડો. રતિદાદાના સાનિધ્યમાં ગાયત્રી સંસ્કાર ધામ ખાતે હાલમાં ભારત સ્કાઉટ અને ગાઈડ દ્વારા બેઝીક કોર્સની તાલીમ યોજવામાં આવી. આ બેઝિક તાલીમમાં રાજય ટ્રેનિંગ કમિશનર નીરૂબેન જાદવ તેમજ આસિસ્ટન્ટ ટ્રેનર રેખાબેન જાદવ, ભીખાલાલ સિધ્ધપુરા (રાજય ઓર્ગેનાઈજર કમિશનર), ભુપેન્દ્રભાઈ બસિયા (જીલ્લા મુખ્ય કમિશનર), દીપાબેન ગોહિલ (જીલ્લા કમિશનર), સંજયભાઈ મકવાણા (સ્કાઉટ માસ્ટર), પંકજભાઈ મહેતા (જીલ્લા મંત્રી), નુતનબેન માલવિયા (ગાઈડ કેપ્ટન) સહિત મહાનુભાવો ઉપસ્થિત રહ્યા હતા. આ તાલીમ કાર્યક્રમનો મુખ્ય ઉદ્દેશ શિક્ષકો અને માર્ગદર્શકોને સ્કાઉટિંગના મૂળભૂત સિદ્ધાંતો, શિસ્ત, સ્વાવલંબન અને રાષ્ટ્રીય સેવા જેવી મૂલ્યો અંગે માર્ગદર્શન આપવાનો હતો. તાલીમ દરમિયાન વિવિધ પ્રાયોગિક પ્રવૃત્તિઓ, રમતો, દેશભકિત ગીતો તથા જૂથ કાર્ય દ્વારા ભાગ લેનારાઓમાં ટીમવર્ક અને નેતૃત્વ ગુણો વિકસાવવામાં આવ્યા. અમરેલી જિલ્લાની જુદી જુદી સ્કૂલના શિક્ષકો આ બેઝિક તાલીમમાં જોડાયા છે. જેમાં વિદ્યાર્થીઓ ભારત સ્કાઉટ એન્ડ ગાઈડમાં જોડાઈ અને ભારત દેશ માટે કંઈક સેવાકીય કાર્ય કરે અને બીજાનું ભલું કરવાની ભાવના કેળવાય તેવા હેતુથી આ તાલીમનું આયોજન કરાયું. આ શિબિરની સમગ્ર વ્યવસ્થા ભારતભૂષણ મહેશભાઈ મહેતા તેમજ શીતલબેન મહેતા દ્વારા કરાઈ હતી.

## અમરેલીનાં શેડુભાર નજીક નવી જીઆઈડીસી બનાવાશે : કૌશિક વેકરિયા

# અમરેલી ખાતે ડિસ્ટ્રીક્ટ ચેમ્બરનું વાર્ષિક અધિવેશન યોજાયુ

**સમગ્ર પંથકનાં વેપારીઓની વર્ષો જુની જીઆઈડીસીની માંગ પૂર્ણ થતાં રાજ્યમંત્રી વેકરિયાનું કરાયુ સન્માન**

**અધિવેશનમાં રાજ્ય મંત્રીએ ઓવરબ્રિજ, સર્કલ, રીવર ફ્રન્ટ સહિતનાં વિકાસ કાર્યોની વેપારીઓને ખાત્રી આપી**

**સમગ્ર જિલ્લામાં વેપાર-ધંધાને પ્રોત્સાહન આપવા માટે રાજ્ય સરકાર બનતી તમામ મદદ કરશે**

**અધિવેશનમાં યાર્ડનાં પૂર્વ ચેરમેન પી.પી. સોજીત્રા સહિતનાં આગેવાનોનું વેપારીઓ દ્વારા સન્માન કરવામાં આવ્યુ**




અમરેલી, તા. ૫

અમરેલી ખાતે દર વર્ષની જેમ આ વર્ષે પણ અમરેલી ડિસ્ટ્રક્ટ ચેમ્બર ઓફ કોમર્સનું વાર્ષિક અધિવેશન યોજાયું હતું. જેમાં ઊર્જા રાજયમંત્રી કૌશિક વેકરીયાએ વેપારીઓની માંગણીને ધ્યાને રાખી માહિતી આપી હતી. અમરેલી શહેરમાં ૪૦ વર્ષ પછી વેપાર અને ઉદ્યોગોના વિકાસ માટે એક નવી જી.આઈ.ડી.સી.ને સરકાર દ્વારા મંજૂરી આપવામાં આવી છે અને આગામી દિવસોમાં તેની કામગીરી પણ શરૂ કરાશે.

અમરેલી ડિસ્ટ્રીકટ ચેમ્બરના અધિવેશનમાં વિગતો આપતા રાજયના રાજય મંત્રી વેકરીયાએ જણાવ્યું કે, અમરેલીના વેપારીઓનો વર્ષો જૂનો અને સૌથી મોટો પ્રશ્ન જી.આઈ.ડી.સી. મેળવવા માટેનો હતો તે પ્રશ્ન ઉકેલી દીધો છે. તેઓએ તેમાં ઉમેરો કરતાં જણાવ્યું હતું કે, અમરેલીના ચેમ્બરના હોદ્દેદારો દ્વારા જ પસંદ કરવામાં આવેલી જગ્યા પર અમરેલીના શેડુભાર ગામ પાસે અમરેલી શહેર માટે નવી જી.આઈ.ડી.સી. બનાવવામાં આવશે.

આ જી.આઈ.ડી.સી. બનાવવામાં માટે અમદાવાદ ઓફિસેથી કરવાની થતી તમામ કાર્યવાહી પૂરી કરી દેવામાં આવી છે. આગામી થોડા સમયમાં રાજય સરકાર દ્વારા આ જી.આઈ.ડી.સી.ની ખૂબ મોટી ભેટ મળવાની છે. ૪૦ વર્ષ પછી અમરેલીને નવી જી.આઈ.ડી.સી.ની ભેટ મળવા જઈ રહી છે. અમરેલી જિલ્લાના વિકાસ માટે સરકાર કોઈ બાંધછોડ કરતી નથી.

રાજય મંત્રી વેકરીયાએ વધુમાં જણાવ્યું હતું કે, આગામી દિવસોમાં અમરેલી શહેર અમરેલીના લાઠી રોડ પર ઓવરબ્રિજ બનશે. અમરેલીના આ લાઠી રોડ પર ઓવર બ્રિજ માટે પણ સરકાર દ્વારા રૂપિયા ૯૫ કરોડ મંજૂર કરી દેવામાં આવ્યા છે અને એકાદ વર્ષમાં જ તેની કામગીરી પૂરી થઈ જશે. જેનાથી વાહન ચાલકોની મોટી સમસ્યાનું નિરાકરણ આવશે.

અમરેલી શહેર મોડેલ શહેર તરીકે વિકસી આવે તે રીતે અમરેલી નગરપાલિકામાં ભાજપે કામગીરી કરવાનું નક્કી કર્યું છે. અમરેલીમાં સર્કલો બનશે, સરકાર દ્વારા રીવરફ્રન્ટ માટે રૂપિયા ૧૧૦ કરોડ મંજૂર કરી દેવામાં આવ્યા છે, રીંગરોડનું કામ પણ હાલમાં શરૂ થઈ ગયું છે.

અમરેલી સાયન્સ સેન્ટરમાં સરકાર દ્વારા મંજૂરી આપવામાં આવી હતી અને કામગીરી શરૂ પણ થઈ ગઈ છે. હવે સરકાર દ્વારા આ સેન્ટરમાં વધુ વિકાસ કરવા માટે વધારાના રૂપિયા ૧૦ કરોડ ફાળવાયા છે અને આ રકમમાંથી આ સેન્ટરનો વધારે વિકાસ કેવી રીતે થાય તે માટે થઈ વધારે રકમ ફાળવવા સરકારે તૈયારી બતાવી છે.

સરકાર દ્વારા રાજયમાં ત્રણ વન કવચ વિકસાવવાના છે. તેમાંથી એક અમરેલી જિલ્લા માટે મંજૂર કરાયું છે. તેમાં લોકો પોતાના પરિવાર સાથે હરવા ફરવા માટે જઈ શકે તે રીતે ગાંધીનગરનાં વન કવચ જેવો વિકાસ કરવામાં આવશે.

અમરેલી શહેરનાં લોકોની લાંબા સમયથી માંગણી હતી કે, અમરેલીથી શ્રીનાથદ્વારા બસ શરૂ કરવામાં આવે. તે ધારીથી શ્રીનાથદ્વારા બસ શરૂ કરવામાં તો આવેલ છે પરંતુ આ સૌથી લાંબો બસ રૂટ હોય અને તે રૂટમાં હાલમાં ઓડીનરી સીટીંગ બસ ચાલે છે તે રૂટમાં એસ.ટી.ની સ્લીપર બસ ચલાવવા માટેની માંગણી સંદર્ભે પણ સરકારને રજૂઆત કરીને મંજૂર કરાવવાની ખાતરી આપી ઊર્જા રાજયમંત્રી કૌશિક વેકરીયાએ હતી.

આ કાર્યક્રમાં માર્કેટયાર્ડના પૂર્વ ચેરમેન પી.પી. સોજીત્રા, અમરેલીના જાણીતાં ઉદ્યોગપતિ દિનેશભાઈ ભુવા, કાળુભાઈ ભંડેરી, વેપારી અગ્રણી કેતનભાઈ ધોળકીયા, ભાજપનાં પૂર્વ અધ્યક્ષ ડો. ભરત કાનાબાર, જિલ્લા ભાજપનાં મહામંત્રી પિન્ટુ કુરૂન્દલે સહિત જિલ્લાભરમાંથી વેપારી આગેવાનો ઉપસ્થિત રહયાં હતાં. સ્વાગત પ્રવચન ડિસ્ટ્રીકટ ચેમ્બર ઓફ કોમર્સના પ્રમુખ ચતુરભાઈઅકબરી તથા આભારવિધિ કાર્યકારી અધ્યક્ષ હરેશભાઈ સાદરાણી દ્વારા કરવામાં આવી હતી.


ભારતમાં સૌથી સારો મેડીકલેઇમ
મેડીકલેઇમ લેતી વખતે જો તમોને
(૧) ડાયાબીટીસ (૨) હાયપર ટેન્શન (B.P.)
(૩) અસ્થમા (૪) કોલેસ્ટ્રોલ
જેવી ઉપરની ચાર બીમારી હોય તો તમો અમારો સંપર્ક કરો કારણ કે આ ચારેય બીમારીઓમાં પણ અમારા મેડીકલેઇમમાં ફક્ત-૩૦ દિવસ પછી સારવારનો ખર્ચ મળશે.
સંપર્ક : પાર્થ ઇન્વેસ્ટમેન્ટ
જય કોમ્પલેક્ષ, ગાંધીબાગ પાસે, અમરેલી.
અશ્વિનભાઇ પંડયા મો. ૯૪૨૬૯ ૬૩૬૧૧ | પાર્થ પંડયા મો. ૮૪૬૦૫ ૫૦૬૬૦



રાજકોટ શહેર તેમજ ગ્રામ્ય વિસ્તારમાં કોમર્શિયલ, રેસિડેન્શિયલ, પ્લોટ્સ લેવા-વેચવા ભાડેથી મેળવવા
PRIME PROPERTY
જયદિપ રાયઠઠા
Mo. 93770 03636



ટ્રસ્ટ, NGO, સ્કૂલ, માટે ખાસ
નવા ટ્રસ્ટ બનાવવા, ચેરીટી કમીશ્નરમાં નોંધણી કરાવવી ઓડીટ કરાવવા, મંદિર, મસ્જિદ, ગૌશાળા, હોસ્ટેલ, સ્કૂલ વગેરેના એકાઉન્ટ કરી આપવામાં આવશે.
ઇન્કમ ટેક્સના સર્ટિફિકેટ, 12AA,80G, ઇન્કમ ટેક્સના રીટર્ન વગેરે...
જુના બંધ પડેલા ટ્રસ્ટમાં વાર્ષિક હિસાબો, અન્ય રેકર્ડ વગેરે વ્યક્તિગત કરી આપવામાં આવશે.
વેપારી એકાઉન્ટ, GST રીટર્ન, પાનકાર્ડ વગેરે કરી આપવામાં આવશે.
શ્રીનાથજી કોમ્પ્યુટર્સ
ભરત બી. પારેખ - ૯૪૨૮૩ ૪૦૯૩૪



અંગ્રેજી ન્યુઝ પેપર
The Indian EXPRESS
શેર બજારનું ગુજરાતી ન્યુઝ પેપર
ફાયનાન્સિયલ એક્સપ્રેસ
આપના ઘરે શરૂ કરવા માટે સંપર્ક કરો
પ્રકાશભાઈ ચંદારાણા
મો. ૯૬૩૮૫ ૩૦૪૫૦



"અમરેલી એક્સપ્રેસ"
અમારૂ ઇ-મેઇલ એડ્રેસ
"અમરેલી એક્સપ્રેસ"ના પત્રકારોને વિનંતી કે,ઇ-મેઇલ એડ્રેસ
amreliexpress7@gmail.com
પર ફોટોગ્રાફસ મોકલવા.
"અમરેલી એક્સપ્રેસ" દૈનિક
જિલ્લા મધ્યસ્થ બેંક પાછળ, અમરેલી.



જય માં ગાત્રાડ આઈ એસ્ટેટ બ્રોકર
અમરેલીના કોઈપણ વિસ્તારમાં પ્લોટ-મકાન-દુકાન કે ઓફિસ ભાડે દેવા કે લેવા ખરીદવા કે વેચવા માટે મળો...
અનિલસિંહ જનવાર : Mo.94268 31241



સ્પે. વેકેશન બેચ
સ્પોકન ઈંગ્લિશ
સમય : સવારે ૮ થી ૧૦, બપોરે ૪ થી ૬
કોર્ષ ફી : RS.2500/-
ઓજસ કલાસીસ-અમરેલી
દિપક ભટ્ટ મો. ૯૮૭૯૭ ૬૯૪૫૧



હીરોનું સ્કૂટર સ્કૂટરનો હીરો
Hero
Destini 125
ગોપી ટોકીઝ પાસે, સ્ટેશન રોડ, અમરેલી.
Navnit Hero Mo. +91 92899 22254



દરેક સફર હવે Shine સાથે
સ્ટાઈલ પણ, સેવિંગ પણ
₹71015
₹65,446/-
₹4999
પરીખ હોન્ડા



શું તમે હરસ.મસા, ભગંદર અને ફિશર જેવી મળમાર્ગની બિમારીથી પીડાવ છો..?
ડૉ. કાજલ બગડા
BAMS,MS.(Ayu.)
કન્સલ્ટન્ટ પ્રોક્ટોલોજીસ્ટ એન્ડ જનરલ સર્જન
હરસ, મસા, ફિશર અને જટિલ ભગંદરની સારવાર
રીંગ Rubber Band Ligation થી મસા ના ઓપરેશન
ઇન્જેકશનથી Sclero therapy મસાની સારવાર
નાસુર Pilonidal sinus ની સારવાર
Shreeji HOSPITAL
સ્થળ : ડો.રાણવાસર હોસ્પિટલ,ભીડભંજન મંદિરની પાસે, લીલીયા રોડ, અમરેલી
Shreeji Hospital Amreli +91 95744 13737 Shreejihospitalamreli@gmail.com



શિવ ફરસાણ (ધારીવાળા)
સ્પે.નાયલોન ખમણ ખમણ હાજરમાં મળશે. ખજુરની ચટણી સાથે
નારણ આર્કેડ, ભીડભંજન મહાદેવના મંદિરની સામે,લીલીયા રોડ,અમરેલી.



WALK IN INTERVIEW
ઇલેક્ટ્રીશીયન - વાયરમેન - સીસીટીવી માટે સ્ટાફ જોઈએ છે
ઇલેક્ટ્રીકલ વાયરીંગ
ફાયબર સ્પ્લાઈસીંગ - O.N.U. કન્ફીગરેશન
CCTV ઇન્સ્ટોલેશન & મેઇન્ટેનન્સ
P.A. સીસ્ટમ ઇન્સ્ટોલેશન (માઇક)
પ્રોજેક્ટર ઇન્સ્ટોલેશન
સર્વેલન્સ સીસ્ટમ ઇન્સ્ટોલેશન & મેઇન્ટેનન્સ
ઇલેક્ટ્રીકલ ડેકોરેશન વર્ક
O.T.D.R. રીપોર્ટીંગ
SALARY : Starting Rs. 35/Hour (For Fresher) + EPFO
TIME : MONDAY to SATURDAY
MAHAJAN TELNET LLP.
95 86 86 86 49



YAMAHA
BOOK NOW TO AVOID FESTIVE RUSH
₹1,45,190 ₹1,33,132 ₹12,058 + ₹6,501
FZ-S Fi HYBRID
જીજ્ઞેશ એજન્સી
લાઠી બાયપાસ ચોકડી, ચામાહા શો-રૂમ, અમરેલી.
મો. ૭૦૪૮૬ ૮૨૦૦૪ / ૭૦૪૮૭ ૮૨૦૦૪



MARUTI SUZUKI ARENA
CELEBRATE NEW YEAR WITH AMAZING PRICES.
DZIRE
Happy New Year 2026
₹6.26 LAKH
S-CNG
આલ્ફા ઓટોલિંક
સર્વે નં.૧૫૧, ૧૫૨, બાયપાસ રોડ, અમરેલી.
સેલ્સ : 99046 49999 સર્વિસ : 99045 49999

### મમતા બેનર્જીનું નિવેદન

# હું રાજીનામું આપવા લોકભવન નહીં જઉં, અમે ચૂંટણી હાર્યા જ નથી

## તેમણે વધુ કહ્યુ કે, 'અમે નિર્ણય લીધો છે કે અમે એક્શન લઈશું, જેમાં અમે ૧૦ સદસ્યોની સાથે એક ફાઈન્ડિંગ કમિટી તૈયાર કરીશું

પશ્ચિમ બંગાળ,તા.૫

પશ્ચિમ બંગાળ વિધાનસભા ચૂંટણીમાં હાર બાદ તૃણમૂલ કોંગ્રેસના સુપ્રીમો મમતા બેનર્જીએ આરોપ લગાવ્યો છે કે, તેઓ ચૂંટણી હાર્યા જ નથી, પરંતુ ૧૦૦ મતવિસ્તારોમાં મત "લૂંટાયા" છે. મમતા બેનર્જીએ કહ્યું કે, 'અમારી લડાઈ ફક્ત ભાજપ સામે નથી, પરંતુ અમારે ચૂંટણી પંચ સામે પણ લડવું પડ્યું હતું. ચૂંટણી પંચનું વર્તન સંપૂર્ણપણે પક્ષપાતીભર્યું હતું અને લોકશાહીની હત્યા કરવામાં આવી છે.' મમતા બેનર્જીએ સ્પષ્ટપણે કહ્યું કે, 'હું રાજીનામું આપવા લોકભવન નહીં જઉં.'મમતા બેનર્જીએ કહ્યું કે, 'મારે લોકભવન કેમ જાઉં જોઈએ? જો મારે શપથ લેવાના હોત તો હું જાત. તેઓએ કબજો કરી લીધો છે. શું તમને લાગે છે કે હું રાજીનામું આપી દઉં? હું નહીં જાઉં. હું રસ્તા પર હતી અને રસ્તા પર જ રહીશ. બે ફેઝમાં ચૂંટણી થયા બાદ તેઓએ અમારા લોકોની અટકાયત કરવાનું શરૂ કરી દીધુ અને અધિકારીઓના ટ્રાન્સફર કરવાનું શરૂ કર્યું. ચૂંટણીમાં ભાજપ પોતાની જ પાર્ટીના બ્યૂરોક્રેટ્સને લઈને આવ્યા.'ઈન્ડિયા ગઠબંધનની વાત કરતાં મમતાએ કહ્યું, 'મેં આ પહેલાં ક્યારેય આવી ચૂંટણી જોઈ નથી. મેં ૨૦૦૪માં પણ આવા અત્યાચાર જોયા નહોતા. સોનિયા ગાંધી, રાહુલ ગાંધી, ઉદ્ધવ ઠાકરે અને હેમંત સોરેનથી લઈને વ્યાપક INDIA ગઠબંધનના સભ્યો સુધીના નેતાઓએ મારી સાથે વાત કરી છે. અખિલેશ યાદવ કાલે આવી રહ્યા છે.'બુથ પર થયેલા તેમની પરના વ્યવહાર પર તેમણે કહ્યું કે, 'મને બુથ પરથી ધક્કા મારીને કાઢવામાં આવી. હું એક મહિલા છું, મારી સાથે આ પ્રકારનો વ્યવહાર કરી શકતા હોય તો અન્ય લોકો સાથે કેવુ વર્તન કરાશે.'તેમણે વધુ કહ્યુ કે, 'અમે નિર્ણય લીધો છે કે અમે એક્શન લઈશું. જેમાં અમે ૧૦ સદસ્યોની સાથે એક ફાઈન્ડિંગ કમિટી તૈયાર કરીશું. આ કમિટીના સભ્યો વિવિધ વિસ્તારોમાં જઈને લોકોની મુલાકાત કરશે. અમારા કાર્યાલય પર કબજો કરાયો અને અમારી પાર્ટીના કાર્યકર્તાઓ પર અત્યાચાર ગુજારવામાં આવી રહ્યો છે. જ્યારે થયું એ બ્લેક હિસ્ટ્રી છે. ચૂંટણી પંચ સંપૂર્ણપણે ભેદભાવપૂર્ણ છે. તેઓએ કાઉન્ટિંગ સેન્ટરને હાઈજેક કર્યુ.'સમાજવાદી પાર્ટીના વડા અખિલેશ યાદવે બંગાળના પરિણામો પર આકરા પ્રહાર કરતા જણાવ્યું હતું કે, હવે શું સત્તાધારી રાજનીતિને પાતાળથી પણ નીચે લઈ જશો? દેશના રાજકીય ઈતિહાસનો આ એક ઘોર 'કાળો દિવસ' છે. આજે આખો દેશ આક્રોશિત છે અને લોકશાહી વ્યથિત. ચૂંટણી વ્યવસ્થાના નામે કેન્દ્રીય દળોનો જે દુરુપયોગ મતગણતરીમાં આજે બંગાળમાં થયો છે, બરાબર એવો જ ગોટાળો ૨૦૨૨ની યુપી વિધાનસભા ચૂંટણીમાં મોટાભાગની જગ્યાએ કરવામાં આવ્યો હતો, જેની સાક્ષાત સાક્ષી કન્નૌજની વિધાનસભાઓ હતી. ત્યારબાદ આ જ નિંદનીય મોડેલને ફરુખાબાદની ૨૦૨૪ લોકસભા ચૂંટણીમાં પુનરાવર્તિત કરવામાં આવ્યું હતું. બધા જાણે છે કે શું થયું છે અને સત્ય શું છે અને જનમતની ખુલ્લી લૂંટ કેવી રીતે થઈ છે.

દિલ્હીના પૂર્વ મુખ્યમંત્રી અરવિંદ કેજરીવાલે જૂના પરિણામોને ટાંકીને ભાજપ પર નિશાન સાધ્યું છે. તેમણે કહ્યું કે, જે દિલ્હી અને બંગાળને ભાજપ મોદીની લહેરની ચરમસીમા પર નહોતું જીતી શક્યું. ૨૦૧૫માં દિલ્હીમાં અને ૨૦૧૬માં બંગાળમાં તેમની ૩-૩ બેઠકો આવી હતી. તે જ દિલ્હી અને બંગાળમાં ભાજપે તેવા સમયે જીત હાંસલ કરી જ્યારે મોદીજીની લોકપ્રિયતા પાતાળમાં જઈ રહી છે. કેવી રીતે?

વિપક્ષ નેતા રાહુલ ગાંધીએ સીધો ચૂંટણી પંચ પર નિશાન સાધતા મમતા બેનરજીના દાવાને ટેકો આપ્યો છે. તેમણે કહ્યું કે, આસામ અને બંગાળમાં ભાજપે ચૂંટણી પંચની મદદથી ચોરી કરી છે. અમે મમતાજી સાથે સહમત છીએ. બંગાળમાં ૧૦૦થી વધુ બેઠકો પર ચોરી કરવામાં આવી છે. અમે આ પ્લેબુક અગાઉ પણ જોઈ છે: મધ્ય પ્રદેશ, હરિયાણા, મહારાષ્ટ્ર, લોકસભા ૨૦૨૪ વગેરે.

### મિત્ર રાષ્ટ્ર પર હુમલો થતાં ભારત લાલઘૂમ

# અમે મક્કમતાથી UAEની પડખે ઊભા છીએ :PM મોદી

## ભારત આ મુશ્કેલ સમયમાં UAE સાથે મક્કમતાથી ઊભું છે. આ સાથે જ તેમણે ક્ષેત્રીય શાંતિ અને સ્થિરતા માટે વાતચીત પર ભાર મૂક્યો હતો

નવી દિલ્હી,તા.૫

વડાપ્રધાન નરેન્દ્ર મોદીએ સંયુક્ત આરબ અમીરાત-UAE પર થયેલા હુમલાઓની આકરા શબ્દોમાં નિંદા કરી છે. આ હુમલામાં ૩ ભારતીય નાગરિકો ઘાયલ થયા હોવાના સમાચાર સામે આવ્યા બાદ વડાપ્રધાને નાગરિકો અને ઈન્ફ્રાસ્ટ્રક્ચર પરના હુમલાઓને અસ્વીકાર્ય ગણાવ્યા છે.

વડાપ્રધાન મોદીએ X પર પોસ્ટ કરીને કહ્યું છે કે, ભારત આ મુશ્કેલ સમયમાં UAE સાથે મક્કમતાથી ઊભું છે. આ સાથે જ તેમણે ક્ષેત્રીય શાંતિ અને સ્થિરતા માટે વાતચીત પર ભાર મૂક્યો હતો.
વડાપ્રધાન મોદીએ કહ્યું છે કે, 'UAE પર થયેલા હુમલાની સખત નિંદા કરું છું, જેમાં ત્રણ ભારતીય નાગરિકો ઘાયલ થયા છે. નાગરિકો અને ઈન્ફ્રાસ્ટ્રક્ચરને નિશાન બનાવવું અસ્વીકાર્ય છે. ભારત UAE સાથે મક્કમતાથી ઊભું છે અને સંવાદ દ્વારા તમામ મુદ્દાઓના શાંતિપૂર્ણ ઉકેલને સમર્થન આપે છે. પ્રાદેશિક શાંતિ, સ્થિરતા અને વૈશ્વિક ઉર્જા સુરક્ષા માટે હોર્મુઝની ખાડી દ્વારા સુરક્ષિત અને અવરોધ વિનાનું નેવિગેશન સુનિશ્ચિત કરવું અત્યંત મહત્વપૂર્ણ છે.' UAEના સંરક્ષણ મંત્રાલયના જણાવ્યા અનુસાર, તેમની વાયુસેનાની એર ડિફેન્સ સિસ્ટમે અનેક મિસાઈલો અને ડ્રોનને તોડી પાડ્યા હતા. જોકે, ફૂજૈરાહમાં એક ડ્રોન ત્રાટકતા ઓઈલ ફેસિલિટીમાં ભીષણ આગ ફાટી નીકળી હતી. આ આગની ઝપેટમાં આવતા ત્યાં કામ કરી રહેલા ૩ ભારતીય નાગરિકો ઘાયલ થયા છે. બીજી તરફ, બ્રિટિશ સેનાએ પણ સમુદ્રમાં બે જહાજોમાં આગ લાગી હોવાની પુષ્ટિ કરી છે.
હુમલામાં ત્રણ ભારતીય નાગરિકો ઘાયલ થયા હોવાના સમાચારથી ભારત સરકારે ઊંડી ચિંતા વ્યક્ત કરી છે. ભારત અને UAE વચ્ચેના મજબૂત સંબંધો અને પ્રાદેશિક સુરક્ષાને ધ્યાનમાં રાખીને વિદેશ મંત્રાલયે આ ઘટનાને ગંભીરતાથી લીધી છે. વિદેશ મંત્રાલયના પ્રવક્તા રણધીર જાયસવાલે નિવેદન આપતા જણાવ્યું હતું કે, નાગરિકો અને પાયાની સુવિધાઓને નિશાન બનાવી કરવામાં આવતા આવા હુમલા બિલકુલ અસ્વીકાર્ય છે. ભારતે સ્પષ્ટ કર્યું છે કે આવા હિંસક કૃત્યો તાત્કાલિક બંધ થવા જોઈએ. ભારત આ મુશ્કેલ સમયમાં શાંતિ અને સ્થિરતાનો પક્ષધર છે અને તમામ પક્ષોને સંયમ રાખવા અપીલ કરે છે.
આ મામલે ઈરાને સીધી રીતે હુમલાની જવાબદારી સ્વીકારી નથી.
ઈરાનના વિદેશ મંત્રી સૈયદ અબ્બાસ અરાઘચીના જણાવ્યા અનુસાર, અમેરિકા અને UAEએ સ્થિતિ બગાડવાથી બચવું જોઈએ. ઈરાની સૈન્ય અધિકારીઓએ આક્ષેપ કર્યો છે કે અમેરિકાની સૈન્ય નીતિઓને કારણે આ પ્રદેશમાં તણાવ વધી રહ્યો છે.

### આસામઃ જેપી નડ્ડાની દેખરેખ હેઠળ સરકારની રચના

# પશ્ચિમ બંગાળના નિરીક્ષક તરીકે અમિત શાહને નિયુક્ત કરવામાં આવ્યા

## ભાજપે પશ્ચિમ બંગાળ અને આસામમાં શાનદાર જીત મેળવી છે પરિણામે, બંને રાજ્યોમાં સરકારની રચના નિશ્ચિત છે

પશ્ચિમ બંગાળ,તા.૫

ભાજપે પશ્ચિમ બંગાળ અને આસામમાં શાનદાર જીત મેળવી છે. પરિણામે, બંને રાજ્યોમાં સરકારની રચના નિશ્ચિત છે. અમિત શાહને પશ્ચિમ બંગાળ માટે નિરીક્ષક તરીકે નિયુક્ત કરવામાં આવ્યા છે, અને જેપી નડ્ડાને આસામ માટે નિરીક્ષક તરીકે નિયુક્ત કરવામાં આવ્યા છે.પશ્ચિમ બંગાળમાં મળેલી પ્રચંડ બહુમતી બાદ મુખ્યમંત્રી પદના દાવેદારની પસંદગી કરવી એ સૌથી મહત્વનું કાર્ય છે. આ માટે ભાજપના સંસદીય બોર્ડે કેન્દ્રીય ગૃહમંત્રી અમિત શાહને મુખ્ય નિરીક્ષક તરીકે નિયુક્ત કર્યા છે. તેમની સાથે ઓડિશાના મુખ્યમંત્રી મોહન ચરણ માઝીને સહ-નિરીક્ષક તરીકેની જવાબદારી સોંપવામાં આવી છે. અમિત શાહ પશ્ચિમ બંગાળના નવનિર્વાચિત ધારાસભ્યો સાથે બેઠક કરશે અને પક્ષના નેતાની પસંદગી માટે મધ્યસ્થીની ભૂમિકા ભજવશે. મોહન ચરણ માઝીની સહ-નિરીક્ષક તરીકેની હાજરી પણ વ્યૂહાત્મક માનવામાં આવે છે.બીજી તરફ, આસામમાં પણ ભાજપે પોતાની સત્તા જાળવી રાખીને ભવ્ય જીત મેળવી છે.

અહીં ધારાસભ્ય પક્ષના નેતાની ચૂંટણી પ્રક્રિયાને સુલભ બનાવવા માટે ભાજપના રાષ્ટ્રીય અધ્યક્ષ જેપી નડ્ડાને નિરીક્ષક તરીકે મોકલવાનો નિર્ણય લેવામાં આવ્યો છે. જેપી નડ્ડા ગુવાહાટી ખાતે આસામના નેતાઓ અને ધારાસભ્યો સાથે ચર્ચા-વિચારણા કરશે, ત્યારબાદ વિધિવત રીતે મુખ્યમંત્રીના નામની જાહેરાત કરવામાં આવશે.ભાજપના આ પગલાં સૂચવે છે કે પક્ષ બંને રાજ્યોમાં સ્થિર અને મજબૂત વહીવટ આપવા માટે કટિબદ્ધ છે.

નિરીક્ષકોની આ નિમણૂક લોકશાહી ઢબે નેતાની પસંદગી કરવાની પક્ષની પરંપરાનો ભાગ છે. આગામી થોડા દિવસોમાં નિરીક્ષકોના અહેવાલ બાદ બંને રાજ્યોમાં શપથ ગ્રહણ સમારોહની તારીખો જાહેર કરવામાં આવશે. બંગાળમાં અમિત શાહ અને આસામમાં જેપી નડ્ડાની સક્રિયતાથી કાર્યકરોમાં ભારે ઉત્સાહ જોવા મળી રહ્યો છે.

### ટ્રમ્પની સુરક્ષામાં ફરી ચૂક

# વ્હાઈટ હાઉસ પાસે એનકાઉન્ટર બાદ લોકડાઉન

## હુમલાખોર પર પહેલાથી જ નજર રાખવામાં આવી રહી હતી અને ઘટનાસ્થળેથી એક હથિયાર પણ મળી આવ્યું છે

વોશિંગ્ટન,તા.૫

વોશિંગ્ટન ડીસીમાં વ્હાઈટ હાઉસ પાસે શંકાસ્પદ હથિયારધારી વ્યક્તિ દ્વારા ફાયરિંગ કરવામાં આવતા ખળભળાટ મચી ગયો હતો. સુરક્ષાકર્મીઓએ વળતો જવાબ આપીને હુમલાખોરને ઠાર માર્યો હતો, જેના કારણે વ્હાઈટ હાઉસમાં થોડા સમય માટે લોકડાઉન લગાવવાની ફરજ પડી હતી.અમેરિકાના સમય મુજબ બપોરે ૩:૩૦ વાગ્યે વ્હાઈટ હાઉસની બહારના વિસ્તારમાં પેટ્રોલિંગ કરી રહેલા સીક્રેટ સર્વિસના જવાનોએ એક શંકાસ્પદ વ્યક્તિને જોયો હતો. જ્યારે અધિકારીઓએ તેની પૂછપરછ કરવાનો પ્રયાસ કર્યો, ત્યારે તે વ્યક્તિ ભાગવા લાગ્યો અને અચાનક બંદૂક કાઢીને સુરક્ષાકર્મીઓ પર ગોળીબાર શરૂ કરી દીધો હતો. જવાબમાં સુરક્ષાકર્મીઓએ પણ ગોળીબાર કર્યો હતો, જેમાં તે વ્યક્તિ ઘાયલ થયો હતો અને તેને હોસ્પિટલ ખસેડવામાં આવ્યો હતો.આ ગોળીબાર દરમિયાન ત્યાંથી પસાર થઈ રહેલો એક સગીર રાહદારી (બાળક) પણ ઈજાગ્રસ્ત થયો હતો. પ્રાથમિક તપાસ મુજબ, બાળકને શંકાસ્પદ હુમલાખોરની ગોળી વાગી હતી, જોકે તેની ઈજા ગંભીર નથી અને હાલમાં તેની સારવાર ચાલી રહી છે. સીક્રેટ સર્વિસના અધિકારીઓએ જણાવ્યું હતું કે, હુમલાખોર પર પહેલાથી જ નજર રાખવામાં આવી રહી હતી અને ઘટનાસ્થળેથી એક હથિયાર પણ મળી આવ્યું છે. મેટ્રોપોલિટન પોલીસ ડિપાર્ટમેન્ટ હવે આ ઘટનાની તપાસ કરશે.
વ્હાઈટ હાઉસ પાસે થયેલા ફાયરિંગ બાદ સુરક્ષાના કારણોસર ત્યાં તાત્કાલિક લોકડાઉન લાગુ કરી દેવામાં આવ્યું હતું અને પત્રકારોને પણ સુરક્ષિત સ્થળે ખસેડવામાં આવ્યા હતા. જોકે, સુરક્ષા એજન્સીઓએ ગણતરીની મિનિટોમાં જ સ્થિતિ પર કાબૂ મેળવી લેતા લોકડાઉન હટાવી લેવાયું હતું.
આ ઘટના બાદ અમેરિકન પ્રમુખ ડોનાલ્ડ ટ્રમ્પે તેમના પૂર્વનિર્ધારિત કાર્યક્રમમાં હાજરી આપી હતી અને જણાવ્યું હતું કે વોશિંગ્ટન હવે સુરક્ષિત છે. અધિકારીઓના જણાવ્યા અનુસાર, હુમલાખોરનું નિશાન પ્રમુખ ટ્રમ્પ કે વ્હાઈટ હાઉસ હોય તેવા કોઈ પુરાવા હાલમાં મળ્યા નથી.

### દેશની ૮૦ ટકા વસતી પર ભાજપનું રાજ

# પ્રાદેશિક પક્ષોનું વર્ચસ્વ સમાપ્ત થતાં સરળ બની રાજ્યસભાની રાહ

## તમિલનાડુની પ્રાદેશીક પાર્ટી દ્રવિડ મુનેત્ર કડગમ અને પશ્ચિમ બંગાળની તૃણમૂલ કોંગ્રેસની કારમી હાર થતાં વિપક્ષ વધુ નબળો પડી ગયો છે

નવી દિલ્હી,તા.૫

પશ્ચિમ બંગાળ, તમિલનાડુ, આસામ, કેરલમ અને પુડુચેરીના વિધાનસભા ચૂંટણી પરિણામો મુજબ ભાજપના વોટ શેરમાં ધરખમ વધારો થયો છે. દેશના સૌથી કેન્દ્ર સ્થાને રહેલા પશ્ચિમ બંગાળમાં ભાજપે પહેલીવાર જીત મેળવી છે, તો આસામમાં ભાજપે ત્રીજી વખત બાજી મારી છે. જ્યારે કેરળમાં કોંગ્રેસનો વિજય થયો છે, જ્યારે તમિલનાડુમાં થલપતી વિજયની નીતનવી પાર્ટી TVKએ ૧૦૮ બેઠકો જીતી લીધી છે. બંગાળમાં બહુમતી સાથે વિજય ભાજપ માટે સૌથી મહત્ત્વની વાત છે. આ ઉપરાંત ભાજપને તમિલનાડુમાં એન્ટ્રી મળી ગઈ છે. પુડુચેરીમાં પણ ભાજપના વોટ શેરમાં વધારો થવા સાથે ચાર બેઠકો જીતી લીધી છે. આ સાથે ભાજપ શાસિત રાજ્યોની સંખ્યા ૨૨ થઈ ગઈ છે. હવે દેશની ૮૦ ટકા વસ્તી પર ભાજપનું રાજ છે.

તમિલનાડુની પ્રાદેશીક પાર્ટી દ્રવિડ મુનેત્ર કડગમ અને પશ્ચિમ બંગાળની તૃણમૂલ કોંગ્રેસની કારમી હાર થતાં વિપક્ષ વધુ નબળો પડી ગયો છે. બંગાળમાં જીત બાદ ભાજપ હવે રાજ્યસભામાં મજબૂત થશે. ભાજપ પાસે લોકસભામાં બહુમતી હતી, જ્યારે રાજ્યસભામાં અન્ય પક્ષો પર નિર્ભર રહેવું પડતું હતું. હવે ભાજપ સરળતાથી કોઈપણ નવો કાયદો પસાર કરાવી શકશે. ભાજપની જીતની અસર લોકસભા ચૂંટણી-૨૦૨૯માં પણ જોવા મળી શકે છે. ભાજપ દાવો કરી શકે છે કે, તેમનું પાર્ટીની વિચારધારા વિવિધ ક્ષેત્રો અને સંસ્કૃતિઓ સુધી ફેલાઈ ગઈ છે.
પશ્ચિમ બંગાળમાં પ્રથમવાર જીત અને આસામમાં ત્રીજી વખત સત્તા જાળવી રાખીને ભાજપે નવા શિખરો સર કરી લીધા છે. એક સમયે ભાજપ માત્ર હિન્દી બેલ્ટ સુધી સીમિત હોવાનું કહેવાતું હતું, જોકે ભાજપે પશ્ચિમ ભારત જીત્યા બાદ બંગાળમાં પણ કબજો કરીને પૂર્વ ભારત સુધી પોતાની પહોંચ વધારી દીધી છે.
ભાજપે પડકારો ઊભી કરનારી લગભગ મોટાભાગની પ્રાદેશિક પાર્ટીઓના ગઢમાં ગાબડું પાડી દીધું છે. મહારાષ્ટ્રમાં શિવસેના યુબીટીના વડા ઉદ્ધવ ઠાકરે, NCPSPના વડા શરદ પવાર, દિલ્હીમાં આમ આદમી પાર્ટી (AAP)ના વડા અરવિંદ કેજરીવાલ નબળા પડ્યા બાદ, બિહારના પૂર્વ મુખ્યમંત્રી નીતિશ કુમાર અને ઓડિશામાં બીજુ જનતા દળના વડા નવીન પટનાયકનો પ્રભાવ ફીકો પડ્યા બાદ હવે બંગાળમાં ટીએમસીના વડા મમતા બેનર્જી, તમિલનાડુની દ્રવિડ મુન્નેત્ર કજગમ (DMK)ના વડા એમ.કે.સ્ટાલીન અને કેરળની સત્તાધારી માર્કસવાદી કોમ્યુનિષ્ટ પાર્ટીના વડા પિનરાઈ વિજયન હારી ગયા છે.
પશ્ચિમ બંગાળમાં જીત બાદ ભાજપ શાસિત રાજ્યોની સંખ્યા ૨૨ થઈ ગઈ છે. એટલે કે આ રાજ્યોમાં ૭૮% વસ્તી રહે છે. દક્ષિણના બે રાજ્યો કેરળ અને તમિલનાડુની ચૂંટણીમાં ભલે ભાજપની હાર થઈ હોય, પરંતુ કેરળમાં ભાજપે ત્રણ બેઠકો જીતીને સવશ્રેષ્ઠ પ્રદર્શન કર્યું છે, તો તમિલનાડુમાં એક બેઠક જીતીને એન્ટ્રી મેળવી લીધી છે.

### ઉત્તર ભારતમાં હાલ હવામાનમાં ઝડપી ફેરફાર

# દિલ્હી-યુપી સહિત ૧૫ રાજ્યમાં આંધી-તોફાનનું એલર્ટ

## હિમાચલ પ્રદેશના ઘણા જિલ્લાઓમાં વરસાદનું એલર્ટ જાહેર કરવામાં આવ્યું છે. કાંગડા, માંડી, સોલન, કુલ્લુ, શિમલા, ચંબા અને હમીરપુરમાં મધ્યમથી ભારે વરસાદની શક્યતા છે

નવી દિલ્હી,તા.૫

આ વચ્ચે હવામાન વિભાગે ફરીથી દેશના અનેક રાજ્યોમાં આંધી અને તોફાનનું એલર્ટ જાહેર કર્યું છે. IMD મુજબ ૫ મેના રોજ દિલ્હી, ઉત્તર પ્રદેશ, બિહાર, ઝારખંડ, હરિયાણા, પંજાબ, રાજસ્થાન, ઉત્તરાખંડ, હિમાચલ પ્રદેશ, જમ્મુ-કાશ્મીર, પશ્ચિમ બંગાળ, ઓડિશા, આસામ, તમિલનાડુ અને કેરળ સહિત ૧૫ રાજ્યોમાં ભારે વરસાદ અને આંધીનું એલર્ટ આપવામાં આવ્યું છે. આ દરમિયાન ૭૦ કિમી પ્રતિ કલાકની ઝડપે પવન ફૂંકાવાની શક્યતા છે.દિલ્લી-NCRમાં આજે એટલે કે ૫ મેના રોજ હવામાન ખરાબ રહેવાની શક્યતા છે. આકાશમાં વાદળછાયું વાતાવરણ રહેશે અને હળવો વરસાદ પડી શકે છે. આજે મહત્તમ તાપમાન ૩૨ ડિગ્રી અને લઘુત્તમ તાપમાન ૨૩ ડિગ્રી રહી શકે છે.૬ મેના રોજ આંશિક વાદળછાયું વાતાવરણ રહેશે અને વીજળી ચમકવાની શક્યતા છે. આ દિવસે મહત્તમ તાપમાન વધીને ૩૭ ડિગ્રી સુધી પહોંચી શકે છે અને લઘુત્તમ તાપમાન ૨૨ ડિગ્રી રહેશે.

ઉત્તર પ્રદેશમાં પણ ૫ મેના રોજ અનેક જિલ્લાઓમાં આંધીઅ-તોફાનનું એલર્ટ છે. મેરઠ, અલીગઢ, મોરાદાબાદ, બલરામપુર, બસ્તી, આઝમગઢ, કુશીનગર, બદાયૂં, પ્રતિપગઢ, અમેઠી, કાનપુર, જૌનપુર, પ્રયાગરાજ, મિર્ઝાપુર અને વારાણસીમાં ભારે વરસાદ સાથે તેજ પવન ફૂંકાઈ શકે છે. આ દરમિયાન ૫૦ કિમી પ્રતિ કલાકની ઝડપે પવન ફૂંકાવાની શક્યતા છે. લખનઉમાં આજે મહત્તમ તાપમાન ૩૦ ડિગ્રી અને લઘુત્તમ તાપમાન ૨૨ ડિગ્રી રહેશે.

હિમાચલ પ્રદેશના ઘણા જિલ્લાઓમાં વરસાદનું એલર્ટ જાહેર કરવામાં આવ્યું છે. કાંગડા, માંડી, સોલન, કુલ્લુ, શિમલા, ચંબા અને હમીરપુરમાં મધ્યમથી ભારે વરસાદની શક્યતા છે. આ દરમિયાન ૩૦ થી ૪૦ કિમી પ્રતિ કલાકની ઝડપે પવન ફૂંકાશે. ૫ મેના રોજ મનાલીમાં મહત્તમ તાપમાન ૬ ડિગ્રી અને લઘુત્તમ તાપમાન માઈનસ ૨ ડિગ્રી સેલ્સિયસ સુધી જઈ શકે છે.

### તમિલનાડુમાં 'વિજય' રાજનો આરંભ

# TVK ધારાસભ્ય દળના નેતા તરીકે વરણી, સ્ટાલિનનું રાજીનામું

નવી દિલ્હી,તા.૫

તમિલનાડુ વિધાનસભા ચૂંટણીના પરિણામોમાં સત્તાધારી દ્રવિડ મુન્નેત્ર કજગમ (DMK)ના વડા એમ. કે. સ્ટાલિનની કારમી હાર થઈ છે અને રાજ્યમાં અભિનેતા થલપતી વિજયી નીત નવી પાર્ટી તમિલગા વેત્રી કઝગમ (TVK)નો ભવ્ય વિજય થયો છે. હાર બાદ મુખ્યમંત્રી એમ.કે.સ્ટાલિને મંગળવારે (૫ મે) રાજીનામું આપી દીધું છે. બીજીતરફ થલપતી વિજયને ટીવીકે ધારાસભ્ય દળના નેતા બનાવાયા છે. આ માટે તમામ ધારાસભ્યોના હસ્તાક્ષર લેવાયા છે. અત્યાર સુધીમાં ૯૦ ધારાસભ્યોએ હસ્તાક્ષર કર્યા છે.
તમિલનાડુની ચૂંટણીમાં વિજયની ટીવીકે સૌથી મોટી પાર્ટી બનીને ઉભરી આવી છે. ટીવીકેએ રાજ્યની કુલ ૨૩૪ બેઠકોમાંથી ૧૦૭ બેઠકો જીતી લીધી છે. જોકે પાર્ટી હજુ પણ બહુમતીથી ૧૧ બેઠકો દૂર છે. જ્યારે ડીએમકેએ ૫૯ બેઠકો અને AIADMKએ ૪૭ બેઠકો જીતી છે.વિજયનની પાર્ટી ટીવીકેએ ભલે સૌથી વધુ બેઠકો મેળવી હોય, પરંતુ તેમની પાસે સરકાર બનાવવા માટે જરૂરી બેઠકો નથી. આવી સ્થિતિમાં વિજય પાસે ગઠબંધન કરીને સરકાર બનાવવાનો અથવા કેટલીક પાર્ટીઓનો બહારથી ટેકો મેળવીને સરકાર બનાવવાનો વિકલ્પ છે. જોકે એ વાત સ્પષ્ટ છે કે, તમિલનાડુમાં ફરી ગઠબંધનની જ સરકાર બનશે. આમ કરવાથી વિજયની જ સ્થિતિ મજબૂત થશે. વિજયે ચૂંટણી પ્રચાર વખતે કહ્યું હતું કે, તેઓ સત્તામાં ભાગીદાર થવા માટે તૈયાર છે.

થલપતિ વિજયે સરકાર બનાવવા માટે નાના પક્ષોનો ટેકો લેવો પડશે. તમિલનાડુમાં VSKએ બે, લેફ્ટે ૪ અને કોંગ્રેસે ૫ અને IUMLએ બે બેઠકો જીતી છે. જ્યારે ચાર ધારાસભ્યો ધરાવતી PMK વિજયને સાથ આપવા માટે સંપૂર્ણ તૈયાર છે.તમિલનાડુમાં હાર થયા બાદ પૂર્વ મુખ્યમંત્રી અને ડીએમકેના પ્રમુખ એમ.કે.સ્ટાલિને મંગળવારે મુખ્યમંત્રી પદેથી રાજીનામું આપી દીધું છે. વિધાનસભા ચૂંટણીમાં હાર થયા બાદ સ્ટાલિને રાજ્યપાલ રાજેન્દ્ર વિશ્વનાથ અર્લેકરને રાજીનામું સોંપ્યું છે.

# અમેરિકાએ LPG સંકટ વચ્ચે હોર્મુઝ અંગે ચીનને આપી કડક ચેતવણી

## અમેરિકા અને ઈરાન વચ્ચેના યુદ્ધના કારણે હોર્મુઝ સ્ટ્રેટ પર લાગેલી નાકેબંધી હજુ પણ યથાવત છે

નવી દિલ્હી,તા.૫

અમેરિકા અને ઈરાન વચ્ચેના યુદ્ધના કારણે હોર્મુઝ સ્ટ્રેટ પર લાગેલી નાકેબંધી હજુ પણ યથાવત છે, જેના પગલે ભારતમાં સર્જાયેલા LPG સંકટનો હવાલો આપીને અમેરિકાએ હવે ચીનને કડક ચેતવણી આપી છે. છેલ્લા બે મહિનાથી વધુ સમયથી આ રસ્તો બંધ હોવાથી ભારત સહિત સમગ્ર વિશ્વમાં ઊર્જા સંકટ ઘેરું બન્યું છે અને ખાસ કરીને ભારતના LPG પુરવઠા પર તેની માઠી અસર પડી રહી છે.ભારત પોતાની જરૂરિયાતનો ૮૦-૯૦ ટકા LPG હોર્મુઝના માર્ગે આયાત કરે છે, પરંતુ હાલમાં આ રસ્તો બંધ હોવાથી દેશમાં ગેસની ભારે અછત સર્જાઈ છે. છેલ્લા બે મહિનામાં LPG સિલિન્ડરના ભાવમાં ૧૩૦૦થી વધુનો તોતિંગ વધારો થયો છે. આ ઊર્જા સંકટને ગંભીરતાથી લેતા નવા ગેસ કનેક્શન પર રોક લગાવી દેવામાં આવી છે અને સિલિન્ડર બુકિંગના નિયમોમાં પણ ફેરફાર કરવામાં આવ્યા છે. અમેરિકા હવે ભારતના LPG સંકટને હથિયાર બનાવીને હોર્મુઝનો માર્ગ ફરી શરૂ કરાવવા માટે સક્રિય થયું છે. અમેરિકન ટ્રેઝરી સેક્રેટરી સ્કોટ બેસેન્ટ અને અમેરિકન પ્રમુખ ડોનાલ્ડ ટ્રમ્પે જાહેરાત કરી છે કે, 'ઓપરેશન ફ્રીડમ' હેઠળ અમેરિકન નેવી ત્યાં ફસાયેલા જહાજોને સુરક્ષિત બહાર કાઢવામાં મદદ કરશે. અમેરિકાનું કહેવું છે કે ભારત જેવા મોટા દેશોમાં કરોડો પરિવારો રાંધણ ગેસ પર નિર્ભર છે, તેથી આ રસ્તો ખોલવો માત્ર આર્થિક જ નહીં પણ માનવતાના ધોરણે પણ અત્યંત મહત્ત્વનું છે યુદ્ધની સ્થિતિ હોવા છતાં ઈરાને ભારત પ્રત્યે હંમેશા નરમાશ દાખવી છે. ઈરાને ભારતના ૮ ટેન્કરોને પસાર થવાની મંજૂરી આપી હતી અને ભારતીયોએ પણ ઈરાન માટે મદદ એકઠી કરી હતી. અમેરિકા હવે ઈરાનના આ નરમ વલણને માનવતાનું રૂપ આપીને તેને હોર્મુઝ ખોલવા માટે મજબૂર કરવા માંગે છે, જેથી ગ્લોબલ એનર્જી ક્રાઈસિસ અટકી શકે.
અમેરિકાએ ચીન પર આક્ષેપ કર્યો છે કે તે પોતાની જરૂરિયાતનો ૯૦ ટકા હિસ્સો ઈરાન પાસેથી ખરીદે છે અને આ ફંડનો ઉપયોગ ઈરાન યુદ્ધ અને આતંકી પ્રવૃત્તિઓ માટે કરી રહ્યું છે. અમેરિકાએ ચીનને અપીલ કરી છે કે તે હોર્મુઝનો રસ્તો ખોલાવવામાં મદદ કરે, જેથી ભારત જેવા મોટા ગ્રાહકોને LPG સંકટનો સામનો ન કરવો પડે.

### કેજરીવાલને જલ્દી મોટું સરપ્રાઈઝ મળશે

# કોંગ્રેસના દિગ્ગજ નેતાના દાવાથી AAPના ધબકારા

## બાજવાએ સવાલ ઉઠાવ્યા છે કે આટલા ટૂંકા ગાળામાં થયેલા આ ઘટનાક્રમ પાછળ કોઈ મોટું રાજકીય કારણ હોઈ શકે છે

નવી દિલ્હી,તા.૫

પંજાબના મુખ્યમંત્રી ભગવંત માન અને આમ આદમી પાર્ટી (AAP)ના તમામ ધારાસભ્યો આજે દિલ્હીમાં છે. ભગવંત માન ધારાસભ્યોના પ્રતિનિધિ તરીકે રાષ્ટ્રપતિ દ્રૌપદી મુર્મૂને મળવાના છે, પરંતુ આ મુલાકાત પહેલા પંજાબ કોંગ્રેસના નેતા અને વિરોધ પક્ષના નેતા પ્રતાપસિંહ બાજવાએ ગંભીર આક્ષેપો કરીને રાજકીય તણાવ વધારી દીધો છે. બાજવાએ સોશિયલ મીડિયા પ્લેટફોર્મ 'X' પર એક પોસ્ટ દ્વારા દાવો કર્યો હતો કે આમ આદમી પાર્ટી અને ભારતીય જનતા પાર્ટી (BJP) એક જ સિક્કાની બે બાજુઓ છે. તેમણે આશંકા વ્યક્ત કરી છે કે મુખ્યમંત્રી માન ગુપ્ત રીતે ધારાસભ્યોને દિલ્હીમાં રાખીને ભાજપના હિતો સાધવામાં મદદ કરી રહ્યા છે.પ્રતાપસિંહ બાજવાએ પોતાની પોસ્ટમાં એક મહત્ત્વપૂર્ણ ઘટનાક્રમ તરફ ધ્યાન દોર્યું હતું. તેમણે જણાવ્યું કે, ભગવંત માનની મુલાકાતથી માત્ર ૯૦ મિનિટ પહેલા જ AAPના રાજયસભા સાંસદ રાઘવ ચઢ્ઢા, સંદીપ પાઠક, અશોક મિત્તલ અને રાજીન્દર ગુપ્તાએ રાષ્ટ્રપતિ સાથે મુલાકાત કરી હતી. બાજવાએ સવાલ ઉઠાવ્યા છે કે આટલા ટૂંકા ગાળામાં થયેલા આ ઘટનાક્રમ પાછળ કોઈ મોટું રાજકીય કારણ હોઈ શકે છે. તેમણે ચેતવણીભર્યા લહેકામાં લખ્યું કે, જે ગતિએ વસ્તુઓ આગળ વધી રહી છે તે જોતા અરવિંદ કેજરીવાલને ટૂંક સમયમાં જ કોઈ મોટું 'સરપ્રાઈઝ' મળી શકે છે. તેમણે એવો પણ ઉલ્લેખ કર્યો કે ગઈકાલે જ ભાજપના નેતા સુનીલ જાખડે પણ આ બાબતે સંકેત આપ્યા હતા. બીજી તરફ, આમ આદમી પાર્ટીના તમામ ધારાસભ્યો હાલ દિલ્હીમાં હાજર છે. મુખ્યમંત્રી ભગવંત માન પંજાબના વિવિધ મુદ્દાઓ અંગે રાષ્ટ્રપતિ સમક્ષ રજૂઆત કરવાના છે. જોકે, કોંગ્રેસ દ્વારા કરવામાં આવેલા આક્ષેપોને કારણે આ મુલાકાત હવે શુદ્ધ રાજકીય વળાંક લઈ રહી છે. બાજવાએ સ્પષ્ટપણે આક્ષેપ કર્યો છે કે AAP અને ભાજપ વચ્ચે અંદરખાને કોઈ રણનીતિ ચાલી રહી છે.

### યુએઇમાં ઇરાને કરેલા મિસાઈલ હુમલામાં ત્રણ ભારતીયોને ઇજા

# USએ હોર્મુઝની ખાડી ખોલવાનો પ્રયાસ કરતાં ઇરાનનો હુમલો

## હોર્મુઝની સામુદ્રધુનીમાં નાગરિક જહાજોને નિશાન બનાવી રહેલી ઈરાનની છ નાની નૌકાઓને અમેરિકી સૈન્યના હેલિકોપ્ટરોએ ડુબાડી દીધી

દુબઈ, તા.૫

અમેરિકા અને ઈઝરાયેલ સાથે ઈરાનના યુદ્ધમાં હવે નવું પ્રકરણ ઉમેરાયું છે. અમેરિકાએ હોર્મુઝની ખાડી ખોલવાનો પ્રયાસ કર્યો હતો. જેને પગલે ઈરાને અનેક જહાજોને નિશાન બનાવ્યા હતા. આ વિસ્તારમાં સેંકડો જહાજો ફસાયા છે. અમેરિકી સૈન્યનું કહેવું છે કે તેણે હોર્મુઝની ખાડીમાં અવરજવર માટેનો માર્ગ ખુલ્લો કર્યો છે અને આ જળમાર્ગ દ્વારા નેવિગેશનને પ્રોત્સાહિત કરવા માટે ડઝનબંધ શિપિંગ કંપનીઓનો સંપર્ક કર્યો છે. ઈરાને અમેરિકી નૌકાદળના યુદ્ધ જહાજ પર મિસાઈલ હુમલો કર્યો હોવાનો દાવો કર્યો છે. ઈરાનની ફાર્સ ન્યૂઝ એજન્સીએ અહેવાલ આપ્યો છે કે જાસ્ક પાસે અમેરિકી નૌકાદળના જહાજ પર બે મિસાઈલો પડી છે. અહેવાલમાં જણાવવામાં આવ્યું છે કે આ અમેરિકી યુદ્ધ જહાજે રિવોલ્યુશનરી ગાર્ડની ચેતવણીઓને અવગણી હતી.આ ઘટના બાદ એવું માનવામાં આવી રહ્યું છે કે અમેરિકા અને ઈરાન વચ્ચે ચાલી રહેલો યુદ્ધવિરામ હવે સમાપ્ત થઈ ગયો છે. આ દરમિયાન એવી આશંકા વ્યક્ત કરવામાં આવી રહી છે કે અમેરિકા ફરી એકવાર ઈરાન પર હુમલા શરૂ કરી શકે છે. અમેરિકી રાષ્ટ્રપતિ ડોનાલ્ડ ટ્રમ્પે પહેલા જ નૌકાદળને ઈરાની યુદ્ધ જહાજો પર હુમલો કરવાનો આદેશ આપી દીધો છે.યુએસ સેન્ટ્રલ કમાન્ડના કમાન્ડર એડમિરલ બ્રાડ કૂપરે સોમવારે એક ટેલિફોનિક ન્યૂઝ કોન્ફરન્સ દરમિયાન પત્રકારોને જણાવ્યું હતું કે, હોર્મુઝની સામુદ્રધુનીમાં નાગરિક જહાજોને નિશાન બનાવી રહેલી ઈરાનની છ નાની નૌકાઓને અમેરિકી સૈન્યના હેલિકોપ્ટરોએ ડુબાડી દીધી છે.યુએઈના સંરક્ષણ મંત્રાલયે જણાવ્યું હતું કે ઈરાને ચાર ક્રૂઝ મિસાઈલો છોડ્યા હતા. જેમાંથી ત્રણ તોડી પડાયા હતા અને એક મિસાઈલ દરિયામાં પડી હતી. અમેરિકન સૈન્યએ સોમવારે ટ્રાફિક પુનઃસ્થાપિત કરવાની નવી પહેલ શરૂ કર્યા બાદ અમેરિકી ધ્વજ ધરાવતા બે વ્યાપારી જહાજોએ સફળતાપૂર્વક હોર્મુઝની ખાડી પસાર કરી હોવાનું જાહેર કર્યા પછી આ હુમલાઓ થયા હતા. આ ખાડી પર ઈરાનના વર્ચસ્વને તોડવાથી વૈશ્વિક આર્થિક ચિંતાઓ હળવી થશે અને ઈરાનનો પ્રભાવ પાડવાનો એક મોટો સ્ત્રોત છીનવાઈ જશે. પરંતુ આવા પ્રયાસોથી ફરીથી એવા પાયાના યુદ્ધ ફાટી નીકળવાનું જોખમ પણ રહેલું છે.પૂર્વી અમીરાત ફુજૈરાહના અધિકારીઓએ જણાવ્યું હતું કે, ઈરાની ડ્રોનને કારણે તેલના એક મુખ્ય એકમ પર આગ લાગી હતી, જેમાં ત્રણ ભારતીય નાગરિકો ઘાયલ થયા હતા. બ્રિટિશ સૈન્યએ યુએઈના દરિયાકાંઠે બે માલવાહક જહાજોમાં આગ લાગી હોવાના અહેવાલ આપ્યા છે. અમેરિકન સૈન્યના સેન્ટ્રલ કમાન્ડે જણાવ્યું હતું કે, અમેરિકી ધ્વજ ધરાવતા બે વ્યાપારી જહાજો હોર્મુઝની ખાડી પસાર કર્યા પછી "તેમની સફર પર સુરક્ષિત રીતે આગળ વધી રહ્યા છે". તેમાં વધુમાં જણાવવામાં આવ્યું છે કે પર્શિયન ગલ્ફમાં નૌકાદળના ગાઈડેડ-મિસાઈલ વિનાશક જહાજો ટ્રાફિક પુનઃસ્થાપિત કરવામાં મદદ કરી રહ્યા છે. એક્સ પર આપેલા નિવેદનમાં જણાવાયું હતું કે યુએસના જહાજોએ પણ ખાડી પસાર કરી હતી. જોકે, નૌકાદળના જહાજો ક્યારે આવ્યા અથવા વ્યાપારી જહાજો ક્યારે રવાના થયા તે અંગે કોઈ ચોક્કસ સમય જણાવવામાં આવ્યો નથી.

### રાજ્ય સરકાર અને ધોળકિયા ફાઉન્ડેશનના સંયુક્ત ઉપક્રમે

# મતીરાળા ગામની ઝમકુડી નદીને પુર્નજીવીત કરવા મહા જળસંચય અભિયાન હાથ ધરાયું

## જે.સી.બી, ટ્રેક્ટરો સહિતની મશીનરી દિન રાત કાર્યરત



અમરેલી, તા. ૫

લાઠી તાલુકાના મતિરાળા ગામ નજીકથી પસાર થતી જમકુડી (ઝરખડી) નદી છેલ્લા કેટલાક વર્ષોથી સાવ મૃતપાય સ્થિતિમાં હતી. અને તેને પુનઃજીવન કરવા રાજય સરકાર અને ધોળકિયા ફાઉન્ડેશનના સંયુકત ઉપક્રમે એક જળસંચયનું મહા અભિયાન હાથ ધરવામાં આવેલ છે. તાજેતરમાં રાજયના મુખ્યમંત્રી ભુપેન્દ્ર પટેલ તથા ધોળકિયા ફાઉન્ડેશનના પદ્મશ્રી સવજીભાઈ ધોળકિયાના વરદ હસ્તે રૂપિયા ૧૭ કરોડના ખર્ચે ઝમકુડી નદીને ઊંડી ઉતારવા માટે તથા નદીને પહોળી કરવા માટેનું ભૂમિપૂજન કરવામાં આવેલ હતું.ત્યાર બાદ ધોળકિયા ફાઉન્ડેશનના પદ્મશ્રી સવજીભાઈ ધોળકિયાના માર્ગદર્શન તળ નદી ઊંડી ઉતારવા માટે થઈ ૨૨ હિટાચી તથા ૨૦ ડમ્પર, જે.સી.બી., ટ્રેક્ટરો સહિતની મશીનરી સતત દિવસરાત ચાલી રહી છે. આવનાર સમયમાં આ ઝમકુડી નદી પર થયેલ રહેલ જળસંચયની કામગીરી સમગ્ર રાજય માટે પ્રેરણા સ્ત્રોત બની રહેશે.અત્રે ઉલ્લેખનીય છે કે ઝમકુડી નદી પર ડી.પી.આર મુજબ ૯.૬ કિમી વિસ્તારમાં જળસંચય કામગીરી થનાર છે. જેથી માળવિયા પીપરીયા, વરસડા, મતીરાળા, કૃષ્ણગઢ સહિતના ગામો માટે પાણી સ્ત્રોતમાં ખૂબ જ વધારો થશે તેવું સૂત્રો પાસેથી જાણવા મળેલ છે.ધોળકિયા ફાઉન્ડેશન પદ્મશ્રી સવજીભાઈ ધોળકિયાએ પાછલા એક દાયકાથી જળ એ જીવનનું સૂત્ર લઈ ૧૭૫ જેટલા સરોવરનું નિર્માણ કર્યુ છે. વર્તમાન સમયમાં ઝમકુડી નદી પર ૨૨ હિટાચી ૨૦ ડમ્પરો, ડોજર, ગ્રેડર સાથે સહિત ૭૦ લોકોનો સ્ટાફ કામગીરી કરી રહયા છે. તેમ મેનેજર કનક પટેલ જણાવેલ છે. આવી જ રીતે ધોળકિયા ફાઉન્ડેશન દ્વારા કચ્છ, પંચમહાલ સહીત ૧૩ જગ્યાએ પણ જળસંચયની કામગીરી દિનરાત ચાલી રહી છે.

### ધારાસભ્ય જનક તળાવીયાના પ્રયાસોથી

# બાબરાના ચરખા-ચમારડી રોડને રિસર્ફેસિંગ કરવા રૂ. ૩.૮૦ કરોડ મંજુર

## ખુબ જ જર્જરીત રોડની થશે રૂ. ૩.૮૦ કરોડના ખર્ચે મરામંત



અમરેલી, તા. ૫

લાઠી-બાબરા પંથકના ધારાસભ્ય જનક તળાવીયાના સઘન પ્રયાસોના ફળ સ્વરૂપે બાબરા તાલુકાના ચરખા અને ચમારડી ગામને જોડતા અગત્યના માર્ગને રીસર્ફેસિંગ કરવા માટે રાજય સરકાર દ્વારા રૂ. ૩.૮૦ કરોડનો માતબર ખર્ચ મંજૂર કરવામાં આવ્યો છે. આ મંજૂરીથી લાંબા સમયથી બિસ્માર હાલતમાં રહેલા આ માર્ગ પરના પ્રવાસીઓ અને સ્થાનિકોને મોટી રાહત મળશે.

ચરખા અને ચમારડી ગામ વચ્ચેનો આ રોડ આસપાસના અનેક ગામો માટે મુખ્ય પરિવહન માર્ગ તરીકે સેવા આપે છે. રોડની ખરાબ સ્થિતિને કારણે ગ્રામજનોને અવરજવરમાં ભારે મુશ્કેલી પડતી હતી. આ સમસ્યા ધારાસભ્ય જનક તળાવીયાના ધ્યાન પર આવતા, તેમણે તાત્કાલિક ધોરણે આ માર્ગને રીસર્ફેસિંગ કરવા માટે રાજય સરકારમાં રજૂઆત કરી હતી.ધારાસભ્ય જનકભાઈ તળાવીયાની રજૂઆતને પગલે માર્ગ અને મકાન વિભાગ દ્વારા આ રોડના કામ માટે રૂ. ૩.૮૦ કરોડની ગ્રાન્ટ ફાળવવામાં આવી છે. આ ગ્રાન્ટ દ્વારા રોડનું સંપૂર્ણપણે રીસર્ફેસિંગ કરવામાં આવશે, જેનાથી માર્ગની ગુણવત્તા સુધરશે અને વાહન વ્યવહાર સરળ બનશે.

ધારાસભ્ય જનક તળાવીયાએ આ અંગેજણાવ્યું હતું કે, "લાંબા સમયથી આ રોડની સ્થિતિ ચિંતાજનક હતી, જેના કારણે લોકોને હાલાકી ભોગવવી પડતી હતી. રાજય સરકારે આ રજૂઆતને ધ્યાને લઈ તાત્કાલિક આટલી મોટી રકમ મંજૂર કરી છે, તે બદલ હું મુખ્યમંત્રી અને માર્ગ-મકાન મંત્રીનો આભાર વ્યકત કરૂં છું. આ રોડનું કામ પૂર્ણ થવાથી ચરખા, ચમારડી અને આજુબાજુના ગ્રામ્ય વિસ્તારના લોકોને ઘણો ફાયદો થશે અને તેમનો સમય તથા શ્રમ બચશે."આ સમાચારથી સમગ્ર પંથકના ગ્રામજનોમાં ખુશીની લાગણી જોવા મળી રહી છે. તેઓએ ધારાસભ્ય જનક તળાવીયાનો આભાર માન્યો હતો અને આ કામગીરી વહેલી તકે શરૂ થાય તેવી આશા વ્યકત કરી હતી.

# બાબરનાં વોર્ડ ૧માં ભીખુભાઇ બગડાનો વિજય : ભાજપનું કમળ ખિલ્યુ





તસ્વીર : પંકજ ઈન્દ્રોડીયા-બાબરા

બાબરા, તા. ૫

બાબરા વિસ્તારમાં ભારતીય જનતા પાર્ટીએ નોંધપાત્રઅને ઐતિહાસિક સફળતા હાંસલ કરી છે. અમરેલી જિલ્લા દલિત સમાજના અગ્રણી અને ભાજપના પૂર્વ મહામંત્રી સોમાભાઈ બગડાની મજબૂત આગેવાની હેઠળ પાર્ટીએ વિવિધ સ્તરે શાનદાર વિજય મેળવ્યો છે.

બાબરા નગરપાલિકા વોર્ડ નંબર ૧માં ભાજપના ઉમેદવાર ભીખુભાઈ બગડાએ ભવ્ય જીત નોંધાવી, જે પાર્ટીના મજબૂત સંગઠન અને કાર્યકર્તાઓની અવિરત મહેનતનું પ્રતિબિંબ છે. ઉપરાંત, બાબરા તાલુકા પંચાયતની વલારડી સીટ, જે વર્ષોથી કોંગ્રેસના કબજામાં હતી, તે સીટ પર ભાજપે ઐતિહાસિક વિજય મેળવી રાજકીય સમીકરણોમાં મોટો ફેરફાર લાવ્યો છે. આ સીટ પર સોમાભાઈ બગડાના પુત્ર કમલેશભાઈ સોમાભાઈ બગડા (કિરીટભાઈ બગડા)એ જંગી બહુમતીથી વિજય મેળવી ભાજપનું પરચમ લહેરાવ્યું છે.

આ સમગ્ર વિજય યાત્રામાં સોમાભાઈ બગડાએ કેન્દ્ર સ્થાનિય ભૂમિકા ભજવી છે. તેમણે બાબરા નગરપાલિકા, તાલુકા પંચાયત તેમજ જિલ્લા પંચાયતની ચૂંટણીમાં ભાજપના ઉમેદવારોને જીતાડવા માટે રાતદિવસ મહેનત કરી હતી. ગામડે ગામડે જઈને ભાજપના પક્ષમાં મતદાન થાય તે માટે પ્રચાર કર્યો અને કાર્યકર્તાઓમાં નવી ઉર્જા ભરી.

તેમની સક્રિયતા, સંકલન ક્ષમતા અને જનસંપર્કના કારણે ભાજપે બાબરા વિસ્તારમાં જંગી બહુમતીથી વિજય મેળવી શક્યો છે. સોમાભાઈ બગડાનાનેતૃત્વ હેઠળ પાર્ટીએ "કમળ ખીલાવવાનો" સંકલ્પ સાકાર કર્યો છે, જેને કારણે ભાજપના કાર્યકર્તાઓમાં આનંદ અને ઉત્સાહની લાગણી વ્યાપી છે.

આ વિજયને ભાજપના કાર્યકર્તાઓ અને સમર્થકો દ્વારા વિકાસ અને જનવિસની જીત તરીકે જોવામાં આવી રહ્યો છે.

### સ્વજનોના 'ફૂલ'ને ગંગાજીમાં પધરાવી પવિત્ર ફરજ નિભાવતા સેવાભાવી યુવાનો

# સાવરકુંડલા : મોક્ષનો માર્ગ પ્રશસ્ત કરતા માનવતાના પ્રહરી, છેલ્લા ૧૬ વર્ષથી ધબકતી અનોખી 'અસ્થિ બેંક'

## કોઈ અપેક્ષા વગર સ્વખર્ચે હરિદ્વાર પહોંચી વિસર્જન કરતી કર્મઠ ટીમ



સાવરકુંડલા, તા. ૫

"સેવા પરમો ધર્મ" અને "માનવ સેવા એ જ પ્રભુ સેવા"ના મંત્રને ખરા અર્થમાં ચરિતાર્થ કરતા સાવરકુંડલાના સાઈ શકિત સેવા ટ્રસ્ટે સામાજિક ઉત્તરદાયિત્વની એક એવી મિશાલ કાયમ કરી છે, જે આજે સમગ્ર પંથક માટે પ્રેરણાનું કેન્દ્ર બની છે. છેલ્લા દોઢ દાયકાથી પણ વધુ સમયથી, જયારે સંસારની માયા છૂટે છે ત્યારે આ સંસ્થાના સ્વયંસેવકો મૃતાત્માઓના કલ્યાણ માટે મેદાને આવે છે.

સાવર અને કુંડલા બંને સ્મશાનગૃહમાં આવતા મૃતકોના અસ્થિઓને સાચવવા માટે સંસ્થા દ્વારા "અસ્થિ બેંક" ચલાવવામાં આવે છે. ઘણીવાર આર્થિક મજબૂરી, એકલતા કે અન્ય અનિવાર્ય સંજોગોને કારણે પરિવારો પોતાના સ્વજનના અસ્થિ હરિદ્વાર લઈ જઈ શકતા નથી. આવા સમયે, આ પવિત્ર અસ્થિઓને સંપૂર્ણ શાસ્ત્રોકત વિધિ અને મર્યાદા સાથે સાચવવાની જવાબદારી ટ્રસ્ટ સ્વીકારે છે. આ સેવાની સૌથી ઉમદા અને હૃદયસ્પર્શી બાબત એ છે કે આ કાર્યમાં કોઈ પણ પ્રકારનો આર્થિક મોહ કે પ્રસિદ્ધિની ભૂખ રાખ્યા વગર. સંસ્થાના નિષ્ઠાવાન સ્વયંસેવકો દીપકભાઈ ગોહિલ હિતેશભાઈ ત્રિવેદી, કૃણાલભાઈ ચૌહાણ, ભુપતભાઈ મકવાણા, ગુણવંતભાઈ આંબલીયા તેમજ અનિલ દાદા ખીરા આ તમામ સેવાભાવી મિત્રો વર્ષમાં બે વાર "પોતાના વ્યકિતગત ખર્ચે" હરિદ્વારની યાત્રા કરે છે. ગંગાજીના તટ પર વિધિવત પૂજન-અર્ચન કરી, હજારો સ્વજનોના અસ્થિઓનું વિસર્જન કરી તેમને મોક્ષની ગતિ અપાવે છે.આજની ભૌતિકવાદી દુનિયામાં, જયાં ડગલે ને પગલે સ્વાર્થ જોવા મળે છે, ત્યાં સાઈ શક્તિ સેવા ટ્રસ્ટની આ "અનોખી પહેલ" સમાજને એક નવી દિશા ચીંધે છે. આ માત્ર અસ્થિ વિસર્જન નથી, પરંતુ અસંખ્ય ગરીબ અને મધ્યમ વર્ગના પરિવારોની લાગણીઓ અને શ્રદ્ધાને પૂર્ણ કરવાનું પુણ્ય કાર્ય છે.

સાવરકુંડલાની જનતા આ દિવ્ય સેવાયજ્ઞને બિરદાવી રહી છે. આ સેવાભાવી યુવાનોએ સાબિત કરી દીધું છે કે સાચી સેવા એ જ છે જે કોઈ પણ પ્રકારના "નામ" કે "દામ" વગર, કેવળ પરમાત્માને રાજી કરવા માટે કરવામાં આવે.

### ધોરણ ૧૦ અને ૧૨માં નાપાસ થયેલા વિદ્યાર્થીઓ માટે સુવર્ણ તક

# અમરેલી ખાતે તુન્ની વિદ્યાલય ખાતે NIOSના એડમીશન શરૂ

અમરેલી, તા. ૫

ગુજરાત માધ્યમિક અને ઉચ્ચતર માધ્યમિક શિક્ષણ બોર્ડ (GSEB)ના ધોરણ ૧૦ અથવા ધોરણ ૧૨માં બે કે તેથી વધુ વિષયોમાં નાપાસ થયેલા અને પોતાનું મહત્વનું વર્ષ બચાવવા માંગતા વિદ્યાર્થીઓ માટે ખુબ જ ઉપયોગી તક છે.અમરેલીના રંગપુર રોડ પર જેશીંગપરા ખાતે આવે નામી શૈક્ષણિક સંસ્થા 'તુન્ની વિદ્યા મંદિર' દ્વારા આવા વિદ્યાર્થીઓને કવોલિફાઈડ શિક્ષકોના માર્ગદર્શન હેઠળ પાસ થવાની અને ઉજજવળ ભવિષ્ય બનાવવાની તક પૂરી પાડવામાં આવી રહી છે.

સંસ્થા દ્વારા રાષ્ટ્રીય મુકત વિદ્યાલય શિક્ષણ સંસ્થાના (NIOS - National Institute of Open Schooling) બોર્ડ હેઠળ પ્રવેશ પ્રક્રિયા શરૂ કરવામાં આવી રહી છે. NIOS એ ભારત સરકાર દ્વારા માન્ય દેશનું સૌથી મોટું રાષ્ટ્રીય ઓપન બોર્ડ છે.

આ બોર્ડ ૧૦૦% સરકાર માન્ય છે અને તેની ડીગ્રી દેશની કોઈપણ યુનિવર્સિટી, કોલેજ અને સરકારી નોકરીઓ તેમજ પ્રમોશન માટે સંપૂર્ણ માન્ય છે.

વિદ્યાર્થીઓ સાયન્સ, કોમર્સ અથવા આર્ટ્સ જેવા સ્ટ્રીમ પસંદ કરી શકે છે.આ બોર્ડમાં ગુજરાતી, હિન્દી અને અંગ્રેજી માધ્યમમાં પરીક્ષા આપી શકાય છે.ધોરણ ૮ પાસ કે તેથી ઓછી અભ્યાસ ધરાવતા વિદ્યાર્થીઓ પણ NIOSની ધોરણ ૧૦ની પરીક્ષા આપી શકે છે.

આ બોર્ડ 'કોબ્સે' (COBSE) દ્વારા માન્યતા પ્રાપ્ત છે. વિદ્યાર્થીઓ તેની સત્તાવાર વેબસાઈટ www.cobse.org/member.htm પર કોડ નં. ૨૨ (ગુજરાત બોર્ડ) અને કોર્ડ નં. ૪૨ (NIOS Board) પર તેની વિગતો ચકાસી શકે છે.

તુન્ની વિદ્યામંદિર છેલ્લા ૮ વર્ષથી NIOS Boardનું સફળ માર્ગદર્શન પુરૂ પાડે છે, જયાં કવોલિયાઈડ શિક્ષકોના માર્ગદર્શન હેઠળ વિદ્યાર્થીઓ અભ્યાસ કરી શકે છે.

### રામેશ્વર સત્સંગ મહિલા મંડળ દ્વારા

# અમરેલીમાં રામવાડી ખાતે શ્રીમદ્ ભાગવત્ સપ્તાહ જ્ઞાનયજ્ઞનું આયોજન

## આગામી ૧૮ થી ૨૪મે દરમિયાન યોજાશે

અમરેલી, તા. ૫


અમરેલી શહેરના ચક્કરગઢ રોડ ઉપર આવેલ રામવાડી દાનેવ ચોંકાવી સામે પિતૃઓના મોક્ષાર્થે ભવ્ય શ્રીમદ્ ભાગવત સપ્તાહ જ્ઞાનયજ્ઞનું આયોજન અમરેલીની રામેર સત્સંગ મહિલા મંડળ દ્વારા કરવામાં આવ્યું છે. ધાર્મિક ભાવના અને ભકિતમય વાતાવરણ વચ્ચે યોજાનાર આ કથાનો આગામી તા. ૧૮ના રોજથી પ્રારંભ થશે અને તા. ૨૪ના રોજ કથાની પૂર્ણાહુતિ થશે. આ કથાનો સમય દરરોજ બપોરે ૩ વાગ્યાથી સાંજના ૭ વાગ્યા સુધી રહેશે, જેમાં ભકતજનો મોટી સંખ્યામાં ઉપસ્થિત રહી ધર્મલાભ લેશે.

આ શ્રીમદ્ ભાગવત સપ્તાહ જ્ઞાનયજ્ઞ કથામાં વ્યાસપીઠ ઉપર સાવરકુંડલાના માનવ મંદિરના સંત પૂજય સંત ભકિતબાપુ બિરાજમાન રહી સંગીતમય શૈલીમાં શ્રીમદ્ ભાગવત કથાનું રસપાન કરાવશે. તેમની ભાવસભર વાણી અને ભકિતમય રીતે રસપાન કરાવશે.

આ સપ્તાહ દરમિયાન વિવિધ ધાર્મિક પ્રસંગોનું પણ ભવ્ય આયોજન કરવામાં આવ્યું છે. જેમાં તા.૧૮ના રોજ સાંજે ૩ વાગ્યે પોથીયાત્રા રામેર મંદિરેથી પ્રસ્થાન કરશે. તા. ૧૯ના રોજ સાંજે ૫ વાગ્યે નૃસિંહ જન્મોત્સવ ઉજવાશે. તા. ૨૦ના રોજ સાંજે ૬ વાગ્યે વામન જન્મ પ્રસંગ યોજાશે. તા. ૨૧ના રોજ સાંજે ૫:૩૦ વાગ્યે નંદ મહોત્સવ ઉજવાશે, જયારે તા. ૨૨ના રોજ સાંજે ૫ વાગ્યે ગોવર્ધન લીલાનું વર્ણન થશે. તા. ૨૩ના રોજ સાંજે ૫ વાગ્યે રૂક્ષ્મણી વિવાહનો પાવન પ્રસંગ ઉજવાશે.

આ જ્ઞાનયજ્ઞની પૂર્ણાહુતિ તા.૨૪ના રોજ ભવ્ય રીતે કરવામાં આવશે, જેમાં મોટી સંખ્યામાં ભકતજનો શ્રોતાજનો ઉપસ્થિત રહી લાભ લેશે. આ કાર્યક્રમને સફળ બનાવવા આયોજક મંડળ દ્વારા તમામ ધાર્મિકપ્રેમી જનતાને ઉપસ્થિત રહેવા ભાવભીની આમંત્રણ પાઠવવામાં આવ્યું છે.

# સંપૂર્ણ આહાર : દુધ ગૌ માતાનું દૂધ : સર્વશ્રેષ્ઠ દૂધ



અમરેલી, તા. ૫

દુધ એ "સંપૂર્ણ આહાર" તરીકે ઓળખાય છે. તેમાં વિટામીન 'સી' સિવાય તમામ વિટામીન રહેલા છે. સામાન્ય રીતે ભેંસ, ગાય અને બકરીનાં દૂધનો ઉપયોગ આહાર તરીકે થાય છે, જેમાં ગાયનું દૂધ શ્રેષ્ઠ ગણવામાં આવે છે. દૂધને ખોરાકમાં રાજા ગણવામાં આવે છે. દૂધને ખોરાકમાં રાજા ગણવામાં આવે છે, કારણ કે દૂધમાં તે દરેક પોષક તત્વો છે જે શરીરના સંપૂર્ણ વિકાસ માટે સર્વોતમ છે. દુધથી આપણા શરીરને ભરપુર માત્રામાં કેલ્શીયમ મળે છે. દુધમાં પ્રોટીનની માત્રા પણ સારા પ્રમાણમાં છે. સામાન્ય રીતે તેમા ૮૫% જેટલું પાણી હોય છે. અને બાકીના ભાગમાં તમામ પોષણ તત્વો હોય છે. દુધમાં પ્રોટીન, કેલ્શીયમ તેમજ રીબોફલેવીન (વિટામીન બી) સૌથી વધારે પ્રમાણમાં હોય છે. આ ઉપરાંત વિટામીન એ, ડી, કે અને ઈ તથા ફોસ્ફરસ, મેગ્નેશીયમ, આયોડીન, તેમજ અન્ય ખનીજો અને ચરબી હોય છે. દૂધમાં રહેલું પ્રોટીન ઈન્ફેકશનથી પણ બચાવે છે. ઘણી એવી માન્યતાઓ છે કે દુધ કેલ્શિયમનાં કારણે સફેદ હોય છે, પરંતુ એવું નથી ગાયના દુધમાં દર લીટરે ૧.૨૭ ગ્રામ કેલ્શિયમ અને ૩૩ ગ્રામ કે તેથી વધુ પ્રોટીન હોય છે. પ્રોટીનની ઘણી જાત છે. પરંતુ દુધમાં કેસીન જાતનું પ્રોટીન હોય છે. આ જાતનું પ્રોટીન બીજા કોઈપણ ખાદ્ય પદાર્થમાં હોતું નથી. કેસીનની હાજરીથી દુધનો રંગ સફેદ હોય છે. ગાયનાં દુધ કરતાં ભેસનાં દુધમાં કેસીનનું પ્રમાણ વધુ હોવાથી ભેસનું દુધ વધુઅ સફેદ હોય છે. આર્યુવેદના જુદા જુદા ગ્રંથોમાં દર્શાવ્યા મુજબ દુધમાં ગાયના દુધને શ્રેષ્ઠ ગણવામાં આવ્યું છે. ચરક સંહિતામાં જણાવ્યા મુજબ 'ગવ્યં દશગુણ પયઃ' એટલે કે ગાયનાં દુધમાં દશ ગુણ છે. મહર્ષિ ચરક અન્નપાન વિધિ વિષેનાં અધ્યાય (સૂત્રસ્થાન-અધ્યાય ૨૭)માં દૂધને 'ક્ષીરં જીવયતિ' કહીને તે જીવનદાતા હોવાનું જણાવે છે. દુધમાં તે દરેક પોષક તત્વો છે જે શરીરનાં સંપૂર્ણ વિકાસ માટે સર્વોત્તમ છે. દુધમાં તમામ પોષક તત્વો હાજર હોય છે. આર્યુવેદ પ્રમાણે કહેવાય છે કે સવારે ખાલી પેટ દુધ ન પીવું જોઈએ. સવારે દુધ પીનારને ગેસની સમસ્યા થઈ શકે છે, પણ જેમની પાચનશકિત સારી છે તે સવારે નિયમીત દુધ પી શકે છે. વ્યાયામ કરનારા લોકો માટે સવારે દુધ પીવું નુકસાનદાયક નથી. નાસ્તો કર્યા બાદ મતલબ ચટપટુ કે નમક, મસાલાવાળી વસ્તુઓ સાથે કે તે ખાધા પછી દુધ ન પીવું જોઈએ. તેનાથી નુકશાન થઈ શકે છે. સૂતી સમયે દુધ પીવાની એક શરત છે કે સાંજનું ભોજન કર્યા બાદ ત્રણ કલાક થઈ જવા જોઈએ, જેથી અમાશય ખાલી થઈ ચૂકયું હોય. સૂતી વખતે દુધ પીવાથી લાભ થાય છે, કારણ કે દુધ પીધા બાદ સુઈ થવાથી કોઈ પદાર્થ પેટમાં જતો નથી અને દુધ સહેલાઈથી પચી જાય છે અને ગુણકારી રહે છે.

### ઊંચા ભાવે તેલની ખરીદી કરવાને કારણે આ કંપનીઓને જંગી નુકસાન કરવું પડ્યું છે

# કંપનીઓને પેટ્રોલ, ડીઝલમાં નુકસાન પેટે સહાયની કોઈ યોજના નથી: કેન્દ્ર

## ગત માસે ડોમેસ્ટિક એરલાઇન્સમાં વપરાતા એટીએફના ભાવમાં ૨૫ ટકાનો વધારો જાહેર કરાયો હતો

નવી દિલ્હી, તા.૫

સરકારની માલિકીની ઓઈલ કંપનીઓ હાલ જે પેટ્રોલ, ડીઝલ અને એવિયેશન ટર્બાઈન ફયુઅલ (એટીએફ) નીચા ભાવે વેચે છે અને તેમ કરવાથી તેમને જે કાંઈ નુકસાન થઈ રહ્યું છે તેને સરભર કરવા કેન્દ્ર સરકાર તેઓને નાણાંકીય સહાય પૂરી પાડે એવી હાલ કોઈ યોજના વિચારાધિન નથી એમ કેન્દ્ર સરકારના એક અધિકારીએ જણાવ્યું હતું.ઈન્ડિયન ઓઈલ કોર્પોરેશન, ભારત પેટ્રોલિયમ અને હિંદુસ્તાન પેટ્રોલિયમ જેવી સરકારની માલિકીની ઓઈલ કંપનીઓએ માટે જયારથી પશ્ચિમ એશિયામાં યુદ્ધની સ્થિતિનું નિર્માણ થયું છે ત્યારથી તેમના માઠા દિવસો આવ્યા છે, કેમ કે યુદ્ધનાઆરંભથી જ તેઓને ખુબ ઉંચા ભાવે ખનિજતેલની ખરીદી કરવી પડી છે, તેમ છતાં તેઓએ ચાર વર્ષ સુધી મહત્વના ઈંધણના ભાવોની કોઈ સમીક્ષા નહી કરવાની ખાતરી આપી હતી તેથી હાલ તેઓને પેટ્રોલ, ડીઝલ અને એટીએફના વેચાણ ઉપર જંગી નુકસાન થઈ રહ્યું છે. અલબત્ત છેલ્લાં વીસ વર્ષમાં પ્રથમવાર તેઓને એટીએફના વેચાણથી નુકસાન થઈ રહ્યું છે, અને તેમનું આ નુકસાન ફક્ત એક મહિના પહેલાથી જ શરૂ થયું છે. આ સંજોગોમાં તેઓને એટીએફના ભાવોમાં થોડો વધારો કરવાની ફરજ પડી હતી.સરકારની માલિકીના આ જાહેર સાહસને ઈંધણના વેચાણથી જે કાંઈ નુકસાન થઈ રહ્યું છે તેને સરભર કરવા તેઓને નાણાંકીય ટેકો પૂરો પાડવાની સરકાર સમક્ષ હાલ કોઈ યોજના વિચારાધિન નથી એમ પેટ્રોલિયમ અને કુદરતી ગેસ મંત્રાલયના જોઈન્ટ સેક્રેટરી સુજાતા શર્માએ કહ્યું હતું.ગત માસે ડોમેસ્ટિક એરલાઈન્સમાં વપરાતા એટીએફના ભાવમાં ૨૫ ટકાનો વધારો જાહેર કરાયો હતો, જે ચોથીવારનો ભાવ વધારો હતો, પરંતુ આ મહિને એટીએફના ભાવ વધારવાની કોઈ દરખાસ્ત નથી.

### પાટીદાર પ્રિમિયમ લીગ મેચ હોવાથી

# સાવરકુંડલા : શુલદેદુમલ નદીનાં પવિત્ર કિનારે ઉર્જામંત્રી વેકરિયા ક્રિકેટનાં મેદાનમાં ઉતર્યા

**યુવાનોને નિયમિત રમતગમતમાં જોડાવા પ્રોત્સાહિત કર્યા**



અમરેલી, તા. ૫

સાવરકુંડલા શેલ કાઠા પાટીદાર પ્રિમિયર લીગ ૨૦૨૬માં યુવાનોમાં ઉત્સાહનો માહોલ જોવા મળ્યો હતો. આ પ્રસંગે મંત્રી કૌશિક વેકરિયા પોતે મેદાનમાં ઉતરી યુવાઓ સાથે ક્રિકેટ રમતા નજરે પડ્યા, જેના કારણે ખેલાડીઓમાં નવી ઉર્જા અને ઉત્સાહનો સંચાર થયો હતો.

શેલ–દેદુમલ નદીના પવિત્ર કિનારે વસેલા લાખાપાદર, ધારાગણી, રૂગનાથપુર ખોડી, હાથસણી, દિતલા, નેસડી, નાના સમઢિયાળા, કરજાળા અને સીમરન જેવા ગામોના પાટીદાર યુવાનો આ ટૂર્નામેન્ટમાં મોટી સંખ્યામાં જોડાયા હતા. આ આયોજનનો મુખ્ય હેતુ યુવાઓમાં એકતા વધારવી અને ફિટનેસ પ્રત્યે જાગૃતિ લાવવાનો રહ્યો હતો.

મંત્રીએ યુવાઓને સંબોધતા જણાવ્યું કે રમતગમત માત્ર મનોરંજન માટે નહીં, પરંતુ શારીરિક અને માનસિક વિકાસ માટે પણ મહત્વપૂર્ણ છે. તેમણે યુવાનોને નિયમિત રમતગમતમાં જોડાવા પ્રોત્સાહિત કર્યા હતા.

આ ટૂર્નામેન્ટમાં ગામોના ખેલાડીઓએ ખેલદિલીપૂર્વક ભાગ લઈને ''સંગઠન એ જ શકિત''ના મંત્રને સાચા અર્થમાં સાકાર કર્યો હતો. સમગ્ર કાર્યક્રમ દરમિયાન એકતા, રમતિયાળ ભાવનાઅને સમાજમાં જોડાણની સુંદર ઝલક જોવા મળી હતી.

# અમરેલી : નુરાની માનવસેવા ટ્રસ્ટ અને નુરાની કમિટી દ્વારા નિદાન કેમ્પ યોજાયો



અમરેલી, તા. ૫

નુરાની માનવસેવા ટ્રસ્ટ અને નુરાની કમિટી દ્વારા અમરેલીમાં સર્વ નિદાન કેમ્પ આયોજન રવિવારે મીની કસ્બા ગની મસ્જિદમાં પંજતન હોલ ખાતે સવારે ૧૦:૦૦ થી ૧ વાગ્યા સુધી કરવામાં આવ્યું હતું.અમરેલી ખાતે યોજાયેલ નિઃશુલ્ક મેડિકલ કેમ્પમાં અમરેલી અને આજુબાજુ ગામના ૮૭ થી વધુ લોકોએ લાભ લીધો હતો આ કેમ્પ સફર બનાવા SOS Hospital સેવા આપી તેના ૪ ડોક્ટરોની ટીમ દ્વારા દર્દીઓને નિદાન કરવામાં આવ્યું હતું નુરાની માનવ સેવા ટ્રસ્ટ અને નુરાની કમિટી કાર્યકર્તા હાજરી આપવામાં આવી હતી જેમાં અમરેલીના મુસ્લિમ સમાજના આગેવાનો. મહેબુબ બાપુ કાદરી બોબીભાઈ રહીશ, હાજી યુનુસભાઈ દેડીવાલા (મહોબત ખપે) સરફરાજભાઈ દલ, હાજરી આપી હતી તા.૩/૨/૨૦૨૬ (રવિવાર)ના રોજ અમરેલી ખાતે ૮૦ થી વધારે દર્દી સારવારમાં કેમ્પ લાભ લીધો આ કાર્યક્રમને સફળ બનાવવા જેહેમત ઉઠાવી.

સાજિદભાઈ ઓઠા, અયુબભાઈ રઈસ, રફીકભાઈ સૈયદ, તન્જીત ચૌહાણ, અક્રમભાઈ મલેક, મુન્ના ખાનભાઈ એમ્બ્યુલન્સ, અફઝલભાઈ કાજી તથા ડોક્ટરોને સહયોગીનો નૂરાની માનવસેવા ચેરીટેબલ ટ્રસ્ટ દ્વારા આભાર વ્યકત કરી છે.

### આદ્ય પત્રકાર નારદજીની જન્મ જયંતીને અનુલક્ષી

# અમરેલીમાં રાષ્ટ્રીય સ્વયંસેવક સંઘ દ્વારા પત્રકાર સ્નેહમિલનનું આયોજન

**સર્જન શકિતને સાચો માર્ગ દેખાડવો તે પત્રકાર ધર્મ છે**



ચલાલા, તા. ૫

ચલાલા – વિવિધ સેવાકીય કર્યો કરનાર ચલાલાના યુગ નિર્માણ ગાયત્રી પરિવાર ટ્રસ્ટ દ્વારા ગાયત્રી સંસ્કાર કેન્દ્ર, ધારી રોડ ચલાલા ખાતે આગામી તા. ૧૩/૫/૨૬ બુધવારના રોજ ૨૯૦મો વિનામૂલ્યે નેત્રયજ્ઞ, દંતયજ્ઞ, સર્વરોગ કેમ્પનું આયોજન કરેલ છે. રણછોડદાસજી બાપુ ચેરીટેબલ હોસ્પિટલ, જીલ્લા અંધત્વ નિવારણ સમિતિના ઉપક્રમે યોજાનાર આ કેમ્પમાં નિષ્ણાંત ડોકટરોની ટીમ સેવા આપશે.

સ્વ. જનકભાઈ રાજા અને સ્વ. કુશલ રાજાની યાદમાં હસ્તે નિશાબેન રાજા, સીતાબેન રાજીવ અને રીયા તન્ના યુ.કે.ના આર્થિક સહયોગથી યોજનાર આ કેમ્પમાં દર્દીઓની તપાસ કરી દવા પણ આપવામાં આવશે અને ઓપરેશનની જરૂરિયાત વાળા દર્દીને રણછોડદાસજી બાપુ ચેરીટેબલ હોસ્પિટલ ખાતે લઈ જઈ ફેકોમશીન દ્વારા ઓપરેશન કરી વિનામૂલ્યે નેત્રમણી મૂકી અદ્યતન સારવાર અને દવા આપવામાં આવશે. અને સાથે દર્દીઓએ આધાર કાર્ડની ઉ ઝેરોક્ષ નકલ સાથે લાવવી.

દંતયજ્ઞમાં દાતના તમામ રોગો જેવા કે દાત કાઢવા ચાંદી પૂરવી વિગેરેની સારવાર વિનામૂલ્યે કરવામાં આવશે.

સર્વરોગ કેમ્પમાં તમામ તમામ પ્રકારના રોગો જેવા કે, શ્વાસ, હરસ, મસા, ડાયાબીટીશ, પેટના રોગો, વાના રોગો વગેરેની સારવાર કરી દવા પણ વિનામૂલ્યે આપવામાં આવશે.

ઉપરોકત સ્થળે બુધવારે નેત્રયજ્ઞ, દંતયજ્ઞ તથા સર્વરોગ કેમ્પ યોજાય છે કેમ્પમાં ઉપરોકત તમામ સારવાર વિનામૂલ્યે મળશે તો ચલાલા અને આજુબાજુના ગામોમાંથી વધુમાં વધુ લોકો લાભ લે તેવું સંસ્થાના વડા પ.પુ. ઋષિ સંત ડો. રતિદાદાએ જણાવાયું છે.

# ધારીના અયાન ચાવડાએ કરાટેમાં ગોલ્ડ મેડલ મેળવી ગૌરવ વધાર્યુ



ધારી,તા.૫

ધારીના પત્રકાર નિજારભાઈ ચાવડાના પુત્ર અયાને રાજય કક્ષાની કરાટે સ્પર્ધામા. પ્રથમ ક્રમાક અને ગોલ્ડ મેડલ પ્રાપ્ત કરી ધારી તથા પરિવારનુ ગૌરવ વધાર્યુ છે.

સોમનાથ ખાતે યોજાયેલી રાજયકક્ષાની કરાટે સ્પર્ધામાં ધારીના ચાવડા અયાનએ પ્રથમ ક્રમાંક પ્રાપ્ત કરી ગેરવ વધાર્યુ.

તા. ૧,૨ મે ના રોજ ઓલ ગુજરાત વાડો કાઈ કરાટે ડુ એસોસીએશન દ્વારા રાજય કક્ષાની કરાટે સ્પર્ધાનું આયોજન કરવામાં આવ્યું હતું. જેમાં વિવિધ જિલ્લાઓમાંથી ૬૦૦ જેટલા વિધાર્થીઓ એ ભાગ લીધો હતો. જેમાં ધારીના અયાન ચાવડાએ કુમિતે (ફાઈટ) યુ–૯ કેટેગરીમાં પ્રથમ ક્રમાંક મેળવી ગોલ્ડ મેડલ અને પ્રમાણપત્ર પ્રાપ્ત કરી પરિવારનું, શાળાનું તેમજ ધારી શહેરનું ગૌરવ વધાર્યુ. અયાન ચાવડાને કરાટેની તાલીમ યથા આર્ટ એકેડમી – ધારીના કરાટે કોચ મહેતર હદીસા અને મેહતા રિધ્ધિ દ્વારા સંપૂર્ણ તાલીમ આપવામાં આવી હતી.

# લીલીયા મોટા : સરકારી વિનયન અને વાણિજ કોલેજ ખાતે વિદાય અને દીક્ષાંત સમારોહ યોજાયો



લીલીયા મોટા, તા.૫

લીલીયા મોટા સરકારી વિનયન અને વાણિજય કાલેજ ખાતે ગુજરાત રાજયના સ્થાપના દિનના પાવન અવસરે તૃતીય વર્ષના વિદ્યાર્થીઓ માટે વિદાય અને દીક્ષાંત સમારોહ ઉડાન – ૨૦૨૬નું ભવ્ય આયોજન કરવામાં આવ્યું હતું. કાલેજના આચાર્ય ડો. રાજેન્દ્રસિંહ એ. રાઠોડ (GES-1) અને IQSC કોઓર્ડિનેટર ડો.શબ્બીર પરમારના સબળ માર્ગદર્શન હેઠળ સમગ્ર કાલેજ પરિવારના અથાક પ્રયત્નો અને સમર્પણથી આ કાર્યક્રમ એક ગૌરવસભર અને અવિસ્મરણીય સંભારણું બની રહ્યો હતો.કાર્યક્રમની શરૂઆત કાલેજના સ્ટાફ અને વિદ્યાર્થીઓ દ્વારા દીપ પ્રાગટય અને સરસ્વતી વંદના સાથે કરવામાં આવેલ.આ અવસરે વિદ્યાર્થીઓ દ્વારા દેશભક્તિ અને સંસ્કૃતિને ઉજાગર કરતા વિવિધ મનમોહક સાંસ્કૃતિક કાર્યક્રમો રજૂ કરવામાં આવ્યા હતા, જેણે ઉપસ્થિત સેના મન મોહી લીધા હતા.**વિદ્યાર્થીઓનું બહુમાન અને પ્રેરણાદાયી સંદેશ :** દીક્ષાંત સમારોહ દરમિયાન વર્ષ દરમિયાન શૈક્ષણિક અને ઈતર પ્રવૃત્તિઓમાં શ્રેષ્ઠ પ્રદર્શન કરનાર તૃતીય વર્ષના તેજસ્વી વિદ્યાર્થીઓને શિલ્ડ અને પ્રમાણપત્રો આપીને વિશેષ સન્માનિત કરવામાં આવ્યા હતા.કાર્યક્રમના અપ્રયક્ષ સ્થાનેથી ચૌહાણ, હિસાબી અધિકારી જિલ્લા પંચાયત અમરેલી તેમજ વિક્રમસિંહ ગોહિલ તાલુકા વિકાસ અધિકારી લીલીયા તથા સરકારી કોલેજના આચાર્ય ડો. રાજેન્દ્રસિંહ એ. રાઠોડ એ સર્વે દ્વારા વિદ્યાર્થીઓને ઉજ્જવળ ભવિષ્યની શુભકામનાઓ પાઠવવામાં આવી હતી. તેમણે જણાવ્યું હતું કે, 'આપણી કાલેજ આજે શિક્ષણ, ઈન્ફ્રાસ્ટ્રક્ચર, સંસ્કાર અને વિદ્યાર્થી કલ્યાણના ક્ષેત્રમાં એક ' મોડલ કાલેજ' તરીકે ઉભરી આવી છે. 'વિકસિત ભારત'ના સ્વપ્નને સાકાર કરવામાં આપણા વિદ્યાર્થીઓ પાયાની ભૂમિકા ભજવશે તેવી મને પૂરી શ્રદ્ધા છે.આ કાર્યક્રમમાં કાલેજનો સમગ્ર સ્ટાફ પરિવાર, વિદ્યાર્થીઓ અને બહોળી સંખ્યામાં આમંત્રિતો ઉપસ્થિત રહ્યા હતા. કાર્યક્રમના અંતે કાલેજના આચાર્યએ આ ભવ્ય અને હૃદયસ્પર્શી આયોજનને સફળ બનાવવા બદલ સમગ્ર કાલેજ પરિવારનો આભાર વ્યક્ત કર્યો હતો તેમ ઈમરાન પઠાણની અખબારી યાદીમાં જણાવેલ છે.

### સનાળા સ્વામીનારાયણ મહિલા મંદિરમાં

# રજત જયંતી મહોત્સવમાં મંત્રી કૌશિક વેકરિયાની ઉપસ્થિતિ

**મહોત્સવને સમાજ માટે પ્રેરણાદાયક ગણાવતાં મંત્રી વેકરિયા**



અમરેલી, તા.૫

મંત્રી કૌશિક વેકારીયાએ સનાળા સ્થિત સ્વામિનારાયણ મહિલા મંદિરના ૨૫મા વાર્ષિક પાટોત્સવ નિમિત્તે ઉજવાતા રજત જયંતી મહોત્સવમાં હાજરી આપી હતી. આ પાવન પ્રસંગે તેઓએ પવિત્ર કથાશ્રવણ કરી આધ્યાત્મિક અનુભૂતિનો લાભ લીધો હતો. કાર્યક્રમ દરમિયાન મંદિરમાં ભક્તિમય માહોલ છવાઈ ગયો હતો, જયાં શ્રદ્ધાળુઓ મોટી સંખ્યામાં ઉપસ્થિત રહી ભક્તિમાં લીન બન્યા હતા.

મંત્રી વેકારીયાએ જણાવ્યું કે આવા ધાર્મિક અને સાંસ્કૃતિક પ્રસંગો સમાજમાં સકારાત્મકતા અને એકતા પ્રસરાવે છે. સંતો અને વક્તાઓના આશીર્વચનોથી જીવનમાં સંસ્કાર, શાંતિ અને ધર્મપ્રતિની આસ્થા વધુ મજબૂત બને છે. તેમણે આ મહોત્સવને સમાજ માટે પ્રેરણાદાયક ગણાવ્યો હતો.


આ પ્રસંગે વિવિધ ધાર્મિક કાર્યક્રમો, કથાઓ અને ભજન – કીર્તન દ્વારા આધ્યાત્મિક ઉર્જાનો અનુભવ થયો હતો. ઉપસ્થિત ભક્તોએ પણ આવા પાવન પ્રસંગો દ્વારા માનસિક શાંતિ અને આધ્યાત્મિક સમૃદ્ધિ પ્રાપ્ત થતી હોવાનું જણાવ્યું હતું.

સમગ્ર મહોત્સવ ભક્તિ, સંસ્કૃતિ અને એકતાનું સુંદર પ્રતિબિંબ બની સમાજમાં સદભાવના ફેલાવતો સાબિત થયો હતો.

બાબરાના ચરખા – ચમારડી રોડને રીસર્ફેસિંગ કરવા રૂા.૩.૮૦ કરોડના ખર્ચે મંજૂર કરાવતા ધારાસભ્ય જનક તળાવીયા

ધારાસભ્ય જનક તળ ાવીયાના પ્રયાસોથી બાબરા તાલુકાના ગ્રામ્ય વિસ્તારમાં વિકાસની જમાવટ.

# બાબરા : તાલુકા રામાનંદી સાધુ સમાજનું ગૌરવ



બાબરા, તા. ૫

બાબરામાં સેવાભારતી હોસ્પિટલ ધરાવતા ડો. રૂગનાથભાઈ જે. કુબાવતના મોટા પુત્ર શૈલેષભાઈની સુપુત્રી ચિ. કૃષાંગીબેન M.B.B.S.માં ફર્સ્ટ કલાસ મેળવી સમગ્ર કુબાવત પરિવાર અને સમગ્ર રામાનંદી સાધુ સમાજનું ગૌરવ વધારેલ છે.બાબરા તાલુકામાં રામાનંદી સાધુ સમાજની આ પ્રથમ દિરકરી છે. જેમણે પૂ. બજરંગદાસ બાપાના આર્શીવાદ અને કૃપાથી આ સિધ્ધી હાંસલ કરેલ છે. ડો. કૃષાંગીબેને ભરૂચ ખાતે આવેલ ડો. કિરણ સી. પટેલ મેડીકલ કોલેજમાં અભ્યાસ કરી આ સિધ્ધિ હાંસલ કરેલ છે. ડો. કુબાવતના નાના પુત્ર ડો. કલ્પેશભાઈની સુપુત્રી ચિ.કુ. જાનસીબેને પણ પિતરાઈ બહેનની જેમ શાંતાબા મેડીકલ કોલેજ અમરેલીમાં M.B.B.S.માં સેકન્ડ ઈયરમાં અભ્યાસ કરે છે બન્ને બહેનોને ખૂબ ખૂબ અભિનંદન નાનપણથી જ બન્ને બહેનોને ડોકટર બનવાનું સ્વપ્ન હતું. તેમજ M.D./M.S. બની સમાજ સેવા કરવાની ભાવના કારણે પૂ. બાપા તેમના તમામ કાર્ય પૂર્ણ કરે છે.

દાદા ડો. કુબાવત, મોટા બા મંજુલાબા, પપ્પા શૈલેષભાઈ મમ્મી મનીષાબેન ભઈલો મીથીલ, કાકા ડો. કલ્પેશભાઈ કાકી,ડો. ફાલ્ગુનીબેન તથા ભઈલો જૈત્ર ખુબ ખુબ અભિનંદન પાઠવે છે વડિલો આર્શીવાદ સાથે ઉતરોતર પ્રગતી કરે તેવા આર્શીવાદ પાઠવે છે.

બાબરા તાલુકા કાઠી ક્ષત્રિય સમાજના પ્રમુખ અને પ્રેસ રિપોર્ટર રાજુભાઈ બસિયા બાબરા તાલુકા રામાનંદી સાધુ સમાજના પ્રમુખ પ્રતાપભાઈ દેવમુરારી તથા તાલુકા મંડળ ના સભ્યો તથા શહેર યુવા પાંખના પ્રમુખ જનકભાઈ અગ્રાવત તથા યુવા કારોબારી સભ્યો તથા જિલ્લા અને રાજય મંડળના પદાધિકારીઓ અભિનંદન પાઠવે છે અને બન્ને બહેનો ઉતરોતર પ્રગતી કરે તેવા આર્શીવાદ આપેલ છે.

# ઉના : સ્વામીનારાયણ ગુરૂકુલ દ્રોણેશ્વરનાં વિદ્યાર્થીઓને પૂજય માધવપ્રિયદાસજી સ્વામીનાં આશીર્વાદ



તસ્વીર : ધર્મેશ જેઠવા–ઉના.

ઉના, તા. ૫

તાજેતરમાં જાહેર થયેલા ધોરણ ૧૨નાં પરિણામોમાં સ્વામિનારાયણ ગુરૂકુલ દ્રોણેશ્વરનાં વિદ્યાર્થીઓએ ઉત્કૃષ્ટ પ્રદર્શન કરી સંસ્થાનું ગૌરવ વધાર્યુ છે. શ્રેષ્ઠ પરિણામ હાંસલ કરનાર વિદ્યાર્થીઓને સંસ્થાનાં અધ્યક્ષ પરમ પૂજય ગુરૂવર્ય માધવપ્રિયદાસજી સ્વામીજીએ આશીર્વાદ આપી તેમના ઉજજવળ ભવિષ્ય માટે શુભકામનાઓ પાઠવી હતી.

આ પ્રસંગે પ્રથમ ક્રમાંક મેળવનાર ગોહિલ યુવરાજ, દ્વિતીય ક્રમાંક મેળવનાર વાઝા વિશાલ અને તૃતીય ક્રમાંક મેળવનાર વાઘ ભરતને વિશેષ અભિનંદન પાઠવવામાં આવ્યા. તેઓ સ્વામિનારાયણ ગુરૂકુલ આર.ડી. વરસાણી કુમાર કન્યા વિદ્યાલયનાં તેજસ્વી વિદ્યાર્થીઓ છે.

માધવપ્રિયદાસજી સ્વામીજીએ વિદ્યાર્થીઓને સંબોધતા જણાવ્યું હતું કે મહેનત, સંકલ્પ અને સંસ્કારોથી જીવનમાં કોઈપણ લક્ષ્ય હાંસલ કરી શકાય છે.તેમણે વિદ્યાર્થીઓને ભવિષ્યમાં પણ આવું જ શ્રેષ્ઠ પ્રદર્શન ચાલુ રાખવા પ્રેરણા આપી.

આ સફળતા પાછળ શિક્ષકોનું માર્ગદર્શન અને માતા–પિતાનું સહકાર મહત્વપૂર્ણ રહ્યો હોવાનું પણ તેમણે ઉલ્લેખ્યું. સમગ્ર ગુરૂકુલ પરિવારે વિદ્યાર્થીઓની આ સિદ્ધિને વધાવી તેમની આગળની સફળતા માટે શુભેચ્છાઓ પાઠવી છે.

# લાઠીના વીરપુર ગામે નવા બસ સ્ટેન્ડનું લોકાર્પણ કરતા સાંસદ ભરત સુતરિયા



લાઠી, તા.૫

લાઠી તાલુકાના વિરપુર ગામે ગ્રામ વિકાસ તરફ એક મહત્વપૂર્ણ પગલું ભરાયું છે. સાંસદ ભરતભાઈ સુતરિયાના હસ્તે નવી બસ સ્ટેન્ડ સુવિધાનું લોકાર્પણ કરવામાં આવ્યું,

જેમાં ગામજનો, સ્થાનિક આગેવાનો અને કાર્યકરો મોટી સંખ્યામાં હાજર રહ્યા હતા. આ નવી બસ સ્ટેન્ડ સુવિધા ગામ માટે એક મહત્વપૂર્ણ સવલત બની રહેશે.

આ બસ સ્ટેન્ડના નિર્માણથી વિરપુર તથા આસપાસના ગામોના લોકો માટે અવર – જવર વધુ સરળ બનશે. અત્યાર સુધી મુસાફરોને બસની રાહ જોવામાં અનેક મુશ્કેલીઓનો સામનો કરવો પડતો હતો, પરંતુ હવે સુવ્યવસ્થિત બેસવાની વ્યવસ્થા, છાયા અને સુરક્ષા જેવી સુવિધાઓ ઉપલબ્ધ થતાં મુસાફરી વધુ આરામદાયક બનશે.

સાંસદ ભરત સુતરિયાએ પોતાના સંબોધનમાં જણાવ્યું કે ગ્રામ્ય વિસ્તારોમાં આવશ્યક સુવિધાઓનો વિકાસ કરવો એ સરકારની પ્રાથમિકતા છે. આ પ્રકારના વિકાસ કાર્યો દ્વારા ગામોને શહેર સમાન સુવિધાઓ મળે તે દિશામાં પ્રયત્નો થઈ રહ્યા છે.

સ્થાનિક લોકોએ પણ આ સુવિધા બદલ આનંદ વ્યક્ત કર્યો અને વિકાસ માટે આભાર વ્યક્ત કર્યો. નવી બસ સ્ટેન્ડ સુવિધા વિરપુર ગામના સર્વાંગી વિકાસમાં મહત્વપૂર્ણ ભૂમિકા ભજવશે.

# ઉના : બસ સ્ટેન્ડ પર કન્ડકટરની તબિયત લથડતાં દોડધામ



તસ્વીર : ધર્મેશ જેઠવા–ઉના.

ઉના, તા. ૫

ઉના એસ.ટી. બસ સ્ટેશન ખાતે વોલ્વો બસનાં કન્ડકટર અજય અલગોતરાની તબિયત લથડી જતાં ત્યાં હાજર મુસાફરો અને સ્ટાફમાં ચિંતા ફેલાઈ ગઈ હતી. ફરજ દરમિયાન કન્ડકટરને અચાનક તબિયત લથડતાં તરત જ ઈમરજન્સી સેવા ૧૦૮ને જાણ કરવામાં આવી હતી. જાણ થતા જ ૧૦૮ એમ્બ્યુલન્સ ટીમ તાત્કાલિક ઘટના સ્થળે દોડી આવી હતી અને કન્ડકટર અજયને પ્રાથમિક સારવાર આપી વધુ સારવાર માટે ઉના સિવિલ હોસ્પિટલ ખાતે ખસેડવામાં આવ્યા હતા.

આ ઘટનાને કારણે બસ સ્ટેશન પર થોડા સમય માટે ગભરાટ અને અફરાતફરીનો માહોલ સર્જાયો હતો.

